Registered with Registrar of Newspapers
under RNI No. 35868 / 1979

Price - Rs. 10/-
No. of Pages - 36

# લોહાણા શક્તિ
# LOHANA SHAKTI

Vol. No. 44 - Issue No. 5 Mumbai - Gujarati - Bi - Monthly September - October - 2023

## શ્રી હાલાઈ લોહાણા મહાજન - મુંબઈનું મુખપત્ર

પ્રમુખ : સતિષભાઈ જમનાદાસ દત્તાણ

તંત્રી : સંજય જીતેન્દ્ર ચંદારાણા

Happy Diwali

Happy New Year


કેળવણી સમિતિ - સરસ્વતી સન્માન સમારોહ


કન્યા પૂજન

આજીવન લવાજમ : રૂ. ૩૫૧/- * કાર્યાલય : ૬/૧૦, ઠાકુરદ્વાર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન: ૨૩૮૨ ૪૨૧૫ / ૨૩૮૨ ૧૦૯૨
Website : www.halailohanamahajanmumbai.com - Email: halailohanamahajan@yahoo.co.in

# શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ

૬/૧૦ ઠાકુરદ્વાર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ - ફોન : ૨૩૮૨૪૨૧૫ / ૨૩૮૨૧૦૯૨ - Email : halailohanamahajan@yahoo.co.in

સર્વે જ્ઞાતિજનો અને વાચકોને
દિવાળીની હાર્દિક શુભેચ્છા અને નૂતન વર્ષાભિનંદન !

**પ્રમુખ**
શ્રી સતિષભાઈ જમનાદાસ દત્તાણી

**ઉપપ્રમુખ અને ટ્રસ્ટી**
શ્રી રાજેશભાઈ કાકુભાઈ ગણાત્રા (ભગત)

**મેનેજીંગ ટ્રસ્ટી**
શ્રી ડૉ. સુરેશભાઈ અમૃતલાલ પોપટ

**જો. મેનેજીંગ ટ્રસ્ટી**
શ્રી વિનોદભાઈ અમૃતલાલ શીંગાળા

**ટ્રેઝરર ટ્રસ્ટી**
શ્રી અશોકભાઈ મગનલાલ ચોટાઈ

**માનદ્ મંત્રી**
શ્રી નિખિલભાઈ મનસુખલાલ સુબા

**માનદ્ મંત્રી**
શ્રી હેમેન્દ્રભાઈ ભગવાનજી મજીઠીયા

**અન્ય ટ્રસ્ટીગણ**
શ્રી પિયુષભાઈ ગંગારામ ગંઠા
શ્રીમતી મિનાબેન પ્રકાશભાઈ ઠક્કર
શ્રી મહેશભાઈ લીલાધર સામાણી
શ્રીમતી પ્રજ્ઞાબેન દિલીપભાઈ મોરઝરીયા
શ્રી રાકેશભાઈ વલ્લભદાસ કાનાબાર

# શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ ટ્રસ્ટ - કાંદિવલી

મંગુભાઈ દત્તાણી માર્ગ, અતુલ ટાવર પાસે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭ - ફોન : ૨૮૬૫૦૭૮૧ - Email : hlbkandivaliw@yahoo.com

*Happy Diwali*
*& Happy New Year*

## સંસ્થાના પદાધિકારીઓ

**પ્રમુખ**
શ્રી સતિષભાઈ જમનાદાસ દત્તાણી

**મેનેજીંગ ટ્રસ્ટી**
શ્રી મહેશભાઈ લીલાધર સામાણી

**માનદ્ મંત્રી**
શ્રી ઉમેશભાઈ નાથાલાલ ઠક્કર

## સંસ્થા સંચાલિત માખેચા સ્કૂલ મેનેજમેન્ટ

**ચેરપર્સન**
શ્રી પિયુષભાઈ ગંગારામ ગંઠા

**સેક્રેટરી**
શ્રી મિતેષભાઈ અશોકભાઈ લાલ (મામતોરા)

# શ્રી હાલાઈ લોહાણા મહાજન - મુંબઈ


**: પ્રમુખ અને ટ્રસ્ટી :**

શ્રી સતિષભાઈ જમનાદાસ દત્તાણી

**: ઉપપ્રમુખ અને ટ્રસ્ટી :**

શ્રી રાજેશભાઈ કાકુભાઈ ગણાત્રા (ભગત)

**: મેનેજીંગ ટ્રસ્ટી :**

શ્રી ડૉ. સુરેશભાઈ અમૃતલાલ પોપટ

**: જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી :**

શ્રી વિનોદભાઈ અમૃતલાલ શીંગાળા

**: ટ્રેઝરર ટ્રસ્ટી :**

શ્રી અશોકભાઈ મગનલાલ ચોટાઈ

**: માનદ્ મંત્રીઓ :**

શ્રી નિખિલભાઈ મનસુખલાલ સુબા

શ્રી હેમેન્દ્રભાઈ ભગવાનજી મજીઠીયા

**: તંત્રી :**

શ્રી સંજય જીતેન્દ્ર ચંદારાણા

**: અન્ય ટ્રસ્ટીગણ :**

શ્રી પિયુષભાઈ ગંગારામ ગંઠા

શ્રી મહેશભાઈ લીલાધર સામાણી

શ્રીમતી મિનાબેન પ્રકાશભાઈ ઠક્કર

શ્રીમતી પ્રજ્ઞાબેન દિલીપભાઈ મોરઝરીયા

શ્રી રાકેશભાઈ વલ્લભદાસ કાનાબાર


## અનુક્રમણિકા


| ક્રમાંક | શીર્ષક | પાના નંબર |
|---|---|---|
| ૧. | પરિચય સમિતિ (મુંબઈ વિભાગ) | ૪ |
| ૨. | સમુહ જનોઈ સમિતિ | ૪ |
| ૩. | પરિચય સમિતિ (કાંદિવલી વિભાગ) | ૬ |
| ૪. | શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ | ૯ |
| ૫. | તેજસ્વીની સમિતિ | ૧૦-૧૧ |
| ૬. | આધ્યાત્મિક સમિતિ | ૧૨-૧૩ |
| ૭. | મેડિકલ /સ્વાસ્થ્ય સમિતિ | ૧૪ |
| ૮. | સાંસ્કૃતિક સમિતિ | ૧૫ |
| ૯. | કોલેજ બુક/હાયર એજ્યુકેશન સમિતિ | ૧૬ |
| ૧૦. | સમુહ લગ્ન સમિતિ | ૧૬ |
| ૧૧. | સહાયક નિધી સમિતિ | ૧૬ |
| ૧૨. | પ્રવાસ પર્યટન સમિતિ | ૧૭ |
| ૧૩. | કેળવણી સમિતિ | ૧૮-૨૦ |
| ૧૪. | ચિલ્ડ્રન સમિતિ | ૨૦ |
| ૧૫. | રમત-ગમત સમિતિ | ૨૧-૨૪ |
| ૧૬. | કન્યા પૂજન | ૨૫-૨૭ |
| ૧૭. | મહિલા ઉત્કર્ષ સમિતિ | ૨૮ |
| ૧૮. | શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ ટ્રસ્ટ | ૨૯-૩૨ |
| ૧૯. | સંસ્થા સમાચાર | ૩૩-૩૪ |



## લોહાણા શક્તિ માટે વિજ્ઞાપનના દર

| | | |
|---|---|---|
| **મલ્ટી કલર પ્રિન્ટીંગ, આર્ટ પેપર** | આખુ પાનું | રૂા.૧૩,૦૦૦/- |
| | અડધુ પાનું | રૂા. ૭,૦૦૦/- |
| | પા પાનું | રૂા. ૪,૦૦૦/- |
| **અંદરનું પાનું સીંગલ કલર** | આખુ પાનું | રૂા. ૩,૮૦૦/- |
| | અડધુ પાનું | રૂા. ૧,૯૫૦/- |
| | પા પાનું | રૂા. ૧,૦૪૦/- |
| અંદરના પાનામાં ૫ સે.મી. x ૭.૫ સે.મી. કોલમ | | રૂા. ૫૨૦/- |
| | પછી દરેક સે.મી. | રૂા. ૯૪/- |
| | કલાસીફાઈડ | રૂા. ૨૬૦/- |

**ખાસ નોંધ :** લોહાણા શક્તિની પ્રીન્ટેડ આવૃત્તિ ઉપરાંત મલ્ટી કલર ડીજીટલ આવૃત્તિ પણ પ્રકાશીત કરી હજારો વાચકો સુધી પહોંચશે. જાહેરાતકારોએ ડિજીટલ આવૃત્તિ માટે કોઈ એકસ્ટ્રા ચાર્જ આપવાનો રહેશે નહિ.

લોહાણા શક્તિમાં કોઈપણ જાહેરાત આપવાની ઈચ્છા હોય તેમણે મહાજનવાડીના કાર્યાલયમાં અશોકભાઈ લાલનો સંપર્ક કરવો. વાર્ષિક કોન્ટ્રેક્ટ માટે આકર્ષક ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વધુ વિગત માટે સંપર્ક : ૨૩૮૨ ૪૨૧૫ / ૨૩૮૨ ૧૦૯૨**




દર શનિવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી - મુંબઈ મધ્યે સમિતિ કાર્યરત રહેશે.

તા. ૪-૧૧-૨૦૨૩ તથા૧૧-૧૧-૨૦૨૩ થી ૧૮-૧૧-૨૦૨૩ ના દિવાળીના તહેવાર હોવાથી પરિચય સમિતિ બંધ રહેશે.

મુંબઈ વિભાગમાં જે ઉમેદવારોએ ફોર્મ ભરેલ છે તેમને મહાજનની વેબસાઈટ www.halailohanamahajanmumbai.com પર જઈ ફરીથી ફોર્મ ભરવા વિનંતી. તા. ૧-૪-૨૦૧૮ પછી ફોર્મ ભર્યા હોય તે.

EC = Engagement Cancelled    W = Widow or Widower    D = Divorcey    H = Handicap

## Yuvak

| Num. | Surname | Date of Birth | Height | Education | Moshal | Residence |
|---|---|---|---|---|---|---|
| 1 | Ganatra | 02-12-94 | 5'9" | CA | Sejpal | Kalyan |
| 2 | Simariya | 29-02-92 | 5'10" | ...... | Kotak | Mumbai |
| 3 | Thakkar | 06.12.90 | 5'9" | Diploma IT | ... | Mumbai |
| 4 | Raithatha | 19.10.93 | 5'4" | M. Com | Barai | Thane |

## Yuvati

| Num. | Surname | Date of Birth | Height | Education | Moshal | Residence |
|---|---|---|---|---|---|---|
| 1 | Morjariya | 04-09-96 | 5'4" | B.T.M. | Jain | Mumbai |
| 2 | Suchak | 12-06-97 | 5'4" | CA, CFA | Raichura | Borivali (E) |
| 3 | Kakkad | 25-02-91 | 5'3" | B.Com. | Dattani | Mumbai |
| 4 | Manek | 01-01-93 | 5'3" | M.C.A. | Batavia | Mumbai |

ચેરપર્સન : શોભાબેન એન. ઠક્કર, ચેરમેન : સુરેશભાઈ ડી. જીમુલીયા,
વા.ચે.પર્સન : રીટા વી. રાજા, વા. ચેરમેન : અશોકભાઈ કે. ખંધેડિયા
સેક્રેટરી : ઈંદિરા કે. બદીયાણી, ખજાનચી : બીના એલ. વિઠલાણી
સભ્ય : નીનાબેન કે કોટેચા, ઉષાબેન એમ. સામાણી, હર્ષાબેન અનડા, કિરણબેન કે. મજીઠીયા, ચંદ્રિકાબેન આર. મેહતા, અરૂણાબેન જે. પંચમતિયા, નરેશભાઈ જી. રાજા, કૃષ્ણકાંત કોટેચા

---



# સમુહ જનોઈ સમિતિ



## જાહેર નિમંત્રણ

ઉપરોક્ત સમિતિ દ્વારા તા. ૧૦.૧૨.૨૦૨૩ના રવિવારના રોજ સવારે કાંદિવલી મહાવીર નગર શ્રીમદ્ ભાગવત સપ્તાહના ગ્રાઉન્ડ મધ્યે સમુહ યજ્ઞોપવિત સમારોહનું આયોજન કરેલ છે. તો સર્વે જ્ઞાતિજનો તથા દાતાશ્રીઓ બટુકોને આર્શિવાદ દેવા મહાજનશ્રી તરફથી આપ સૌને હાર્દિક નિમંત્રણ છે.

જ્ઞાતિજનોને ખાસ વિનંતી સાથે જણાવવાનું કે આ સમારોહને સફળતાપૂર્વક પાર પાડવા આપ સૌ ઉદાર મને તન, મન, ધનથી સમિતિને સહયોગ આપવા વિનંતી.

આપના અમુલ્ય સહયોગ માટે નીચે દર્શાવેલ વ્યક્તિ તથા મહાજનનો કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

ચેરમેન - ધર્મેશભાઈ તન્ના - ૯૯૬૭૯૦૦૪૯૯    વા.ચેરમેન - કેતનભાઈ રાચ્છ - ૯૮૨૦૭૨૫૧૫૫
વા. ચેરમેન- મનિષભાઈ કારિયા - ૮૭૮૮૫૮૬૯૮૮    વા. ચેરમેન - પ્રવિણભાઈ કાનાબાર - ૯૮૬૭૯૩૧૯૧૯
વિકીભાઈ મજીઠીયા - ૯૮૬૭૦૯૪૯૬૮

# સંસ્થાની પ્રગતી અને ઉન્નતી માં સહયોગી દાતાશ્રીઓ હિતેચ્છુઓ તથા સર્વ જ્ઞાતિબંધુઓને દિવાળી તથા નુતન વર્ષના અભિનંદન

## શ્રી સૌરાષ્ટ્ર હાલાઈ લોહાણા મિત્રમંડળ અને બીજાઓ સહાયક ફંડ - મુંબઈ

### પદાધિકારી

શ્રી પ્રકાશભાઈ કરસનદાસ ઠકરાર (પ્રમુખ) શ્રી હિમાંશુભાઈ પ્રભુદાસ દેવાણી (ઉપપ્રમુખ)
શ્રી કમલેશભાઈ રસિકલાલ રૂપારેલ (મા. મંત્રી) શ્રી નરેન્દ્રભાઈ છગનલાલ તન્ના (મા. મંત્રી)

### ટ્રસ્ટ મંડળ

શ્રી નરેશભાઈ મોહનલાલ ગણાત્રા (મેનેજીંગ ટ્રસ્ટી) શ્રી જયંતભાઈ મથુરાદાસ તન્ના શ્રી પ્રવીણભાઈ દયાળજી માલાણી
શ્રી પ્રકાશભાઈ કરસનદાસ ઠકરાર શ્રી નિપુણભાઈ પોપટલાલ રાજા શ્રી વિશાલભાઈ પુરુષોત્તમદાસ તન્ના
શ્રી કિશોરચંદ્ર રૂગનાથ ચગ શ્રી મનોજભાઈ ચંદ્રકાંત જીમુલીયા શ્રી કિશોરભાઈ દ્વારકાદાસ વણજારા

### દાતા ટ્રસ્ટીઓ

શ્રી વિનોદચંદ્ર મોહનલાલ ગણાત્રા શ્રી શ્યામભાઈ શાંતીલાલ માખેચા શ્રી ક્રિષ્ણકાંત ભીમજી માખેચા
શ્રી ડાહ્યાલાલ ગોરધનદાસ જીમુલીયા શ્રી રાજેશભાઈ કાનજીભાઈ લાખાણી શ્રીમતી ભાવનાબેન પ્રકાશભાઈ માખેચા
શ્રી પિયુષ મણીલાલ રૂઘાણી શ્રી કવિતા પિયુષ રૂઘાણી

### સોરઠ નારી વૃંદ
(મહિલા વિભાગ કન્વીનર)

શ્રીમતી ચેતનાબેન રામ મામેક શ્રીમતી કુસુમબેન કમલેશભાઈ રૂપારેલ

## શ્રી રઘુવંશી સેવા મંડળ (સરકાર માન્ય ૮૦-G પ્રમાણિત)

CSR No. : CSR00031481

### ટ્રસ્ટ મંડળ

શ્રી વિપુલ નરોત્તમદાસ મહેતા (મેનેજીંગ ટ્રસ્ટી) શ્રી હિમાંશુભાઈ પ્રભુદાસ દેવાણી શ્રી દામોદર ભીમજી ઠકરાર
શ્રી મણીલાલ ભગવાનજી રૂઘાણી શ્રી પ્રકાશભાઈ રવજીભાઈ માખેચા શ્રી પ્રવિણચંદ્ર પ્રભુદાસ કાનાબાર
શ્રી અશોકભાઈ મગનલાલ ચોટાઈ શ્રી નરેન્દ્રભાઈ ગોકલદાસ તન્ના

### દાતા ટ્રસ્ટીઓ

શ્રીમતી મીનાબેન પ્રકાશભાઈ ઠક્કર શ્રી અશોક ગીરધરલાલ કારીયા શ્રી અતુલભાઈ કાંતીલાલ ઉનડકટ
શ્રી કેતનભાઈ અમૃતલાલ હિંડોચા શ્રી અજયભાઈ ગુલાબરાય ગાંધી શ્રી પ્રભુદાસ શામજી શિંગાળા
ડૉ.શ્રી રાજેશ ગોવિંદભાઈ ગોકાણી શ્રી રામભાઈ કાંતીલાલ માખેચા શ્રી દિપ્તીબેન નલીનકુમાર રાજા
શ્રી હિતેનભાઈ જગમોહનદાસ પાબારી શ્રી હિમાંશુ વિનોદચંદ્ર ગણાત્રા શ્રીમતી પૂર્ણિમાબેન કીશન માખેચા
બહેન શ્રી વિજુબેન રાજાણી શ્રી ધવલભાઈ જયંતીલાલ સોમૈયા શ્રી કેતનભાઈ દામોદરદાસ ઠક્કર
શ્રીમતી ભારતીબેન હર્ષદરાય ચંદારાણા શ્રી સુધીરભાઈ પ્રભુદાસ દેવાણી

### શ્રી સૌરાષ્ટ્ર હાલાઈ લોહાણા મિત્ર મંડળ અને બીજાઓ સહાયક ફંડ ના પ્રતિનીધી ટ્રસ્ટીઓ

શ્રી પિયુષભાઈ પ્રભદાસ તકવાણી શ્રી ભાવેશભાઈ અરવિંદ ધમેશા

### જનસંપર્ક અધિકારી

શ્રી પ્રકાશભાઈ રવજીભાઈ માખેચા શ્રી પ્રવિણચંદ્ર મોહનલાલ કક્કડ

'સેવા પરમો ધર્મ'ના સિધ્ધાંતને અનુસરતી સંસ્થા સમાજના જરૂરતવાળા પરિવારોને આર્થિક, શિક્ષણ, તબીબી તથા માનવ ઉત્કર્ષ યોજના હેઠળ વર્ષમાં બે વખત અનાજ વિતરણથી સહાયરૂપ થાય છે.
સંસ્થાને દિવાળી બોણી ભેટ, જન્મ દિવસ, લગ્ન દિવસ, પરિવાર યોજના, વિદ્યાર્થી સહાય યોજના, શુભેચ્છા સ્મૃતિ ભેટ તથા શુભેચ્છા/સ્મૃતિ ફંડ તેમજ યોજનાઓના અનુદાન તથા સંસ્થાના વાર્ષિક/અર્ધવાર્ષિક અહેવાલોની નકલમાં વિજ્ઞાપન (જાહેરખબર) આપી સહયોગી થઈ શકો છો. સર્વે અનુદાન સ્વીકાર્ય છે. (ઈન્કમટેક્ષ એક્ટ કલમ ૮૦-જી પ્રમાણિત)

કાર્યાલય : માતુશ્રી શાંતાબેન નેણશીભાઈ પોપટ કાર્યાલય, ૧૦૧, રાજ કો.ઓપ. હા. સોસાયટી, ૧ લે માળે, ૩૭૫, એમ.જી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. ફોન : ૨૮૬૪૧૧૧૦, મો.નં. - ૮૮૨૮૪૦૭૧૧૦, Email : shlmm1913@yahoo.in (જા x ૫)




પરિચય સમિતિ કાંદિવલી વિભાગ દર રવિવારે સાંજના ૪ થી ૬ દરમ્યાન શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ-કાંદિવલી ખાતે કાર્યરત હોય છે. મહિનાના પહેલા રવિવારે મીની મેળાવડાનું આયોજન કરવામાં આવે છે. મેળાવડામાં ઉમેદવારોએ હાજર રહેવું જરૂરી છે.

પરિચય સમિતિમાં ફોર્મ ભરેલ ઉમેદવારોએ મહાજનની નવી વેબ સાઈટ www.halailohanamahajanmumbai.com પર પોતાનો બાયોડેટા Up-load કરવાનો રહેશે 'ગ્રેજ્યુએટ ઉમેદવારો' માટે મીની મેળાવડાનું આયોજન રવિવાર તા. ૪-૨-૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ છે. વહેલો તે પહેલોના ધોરણે ફક્ત ૨૫ યુવક અને યુવતીઓના નામ લખવામાં આવશે. ૧૯૮૫ બાદની ઉંમરનાં ઉમેદવારોના નામ લખવામાં આવશે. ઉમેદવાર સાથે એક વાલી રહી શકશે. ફોર્મ ભરનાર ઉમેદવારે રૂા. ૨૦૦/- ભરવાના રહેશે.

**ખાસ નોંધ :** દિવાળીના શુભ તહેવારોના હિસાબે તા. ૫-૧૧-૨૦૨૩, ૧૨-૧૧-૨૦૨૩ અને ૧૯-૧૧-૨૦૨૩ ના રવિવારે પરિચય સમિતિ બંધ રહેશે. મહાજનશ્રી દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન હોવાથી તા. ૩.૧૨.૨૦૨૩ ના પરિચય સમિતિ બંધ રહેશે.

સમૂહ જનોઈ સમિતિ દ્વારા રવિવાર તા. ૧૦.૧૨.૨૦૨૩ના સમુહ જનોઈનું આયોજન હોવાથી પરિચય સમિતિ બંધ રહેશે.

**EC = Engagement Cancelled    W = Widow or Widower    D = Divorcey    H = Handicap**

## Yuvak

| | Num. | Surname | Date of Birth | Height | Education | Moshal | Residence |
|---|---|---|---|---|---|---|---|
| | 7520 | Jataniya | 26-08-88 | 5'10" | M.BA Final | Ganatra | Kandivali |
| | 7519 | Tanna | 29-04-93 | 5'7" | B.M.M. | Kanai | Kandivali |
| | 7517 | Ganatra | 16-08-82 | 5'6" | M.B.A. (Goa) | Vasani | Thana |
| | 7518 | Hathi | 12-11-96 | 5'7" | B.Sc., MBA | Cholera | Kandivali |
| | 7516 | Nandani | 16-08-87 | 5'5" | M.Com. | — | Malad |
| | 7510 | Tanna | 31-05-96 | 5'6" | B.Com. | Sachdev | Bhay. |
| | 7504 | Somaiya | 06-11-88 | 5'11" | M.B.A. Marketing | Davda | Goregaon |

## Yuvati

| | Num. | Surname | Date of Birth | Height | Education | Moshal | Residence |
|---|---|---|---|---|---|---|---|
| | 7583 | Amlani | 02-10-93 | 5' | B.Sc., Microbiology | Sachdev | Borivali (W) |
| NRI | 7585 | Rajani | 26-02-95 | 5'6" | Master in Data Analysis | Adhia | Vasai (W) |
| | 7587 | Somaiya | 04-09-95 | 5'6" | BBA., PGDA | Davda | Goregaon (W) |
| | 7593 | Barai | 10-08-88 | 5'4" | PGDHRM | Somaiya | Dwarka |
| | 7596 | Abhani | 17-06-95 | 5'4" | CA | Dhanesha | Nalasopara (E) |
| | 7513 | Manek | 19-03-89 | 4'11" | B.Com. | Rajde | Borivali (E) |
| | 7589 | Kakakd | 20-03-96 | 5'4" | M.Com. | Mashru | Thane (W) |
| | 7584 | Aasani | 20-05-98 | 5'2" | B.Com, M.Com. | Raichura | Bhayender (W) |

ચેરમેન : ધનસુખભાઈ મશરૂ – ૯૮૧૯૧૧૨૯૦૧, ચેરપર્સન : દિપ્તીબેન પોપટ – ૮૩૬૯૩૩૦૬૬૪
વા. ચેરમેન : પ્રકાશભાઈ તન્ના – ૯૯૨૦૦૫૫૬૫૦, સેક્રેટરી : ભાવેશ પલાણ – ૯૯૩૦૪૨૪૮૩૩
સમિતિના સભ્યો – રશ્મીકાંત પારપાણી, મહેન્દ્રભાઈ અભાણી, કુસુમબેન રૂપારેલ

**રમેશ બી. ધનેશા - 9323579764 ધર્મીત આર. ધનેશા - 9870797989**
**સ્વાતી ધર્મીત ધનેશા - 8291124637**

# VEN YOU ENTERPRISE

## ઈવેન્ટ, ડેકોરેટર્સ એન્ડ કેટરર્સ

**દરેક પ્રકારના ડેકોરેશન અને કેટરીંગ કામના સ્પેશ્યાલીસ્ટ**
**લગ્ન, રીસેપ્સન, સગાઈ, ભાગવત સપ્તાહ, બર્થ ડે પાર્ટીના ડેકોરેશન તેમજ કેટરીંગ કામ માટે**

**લોહાણા જ્ઞાતિજનો માટે ખાસ ડીસ્કાઉન્ટ આપવામાં આવશે**

**ઓફિસ :**

**૪૩૧/૭, શ્રી સદન કો.ઓ.હા.સોસાયટી, ચારકોપ, સેકટર નંબર-૪, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭**

**લોહાણા જ્ઞાતિજનોને કોઈપણ પ્રસંગે ખુબ જ કીફાયતી દરે કામ કરી આપશું.**

જા x ખ



શ્રી જલારામ બાપા

## શ્રી જલારામ ઉત્સવ સમિતિ, મલાડ (પૂર્વ)



**પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૨૪મી જન્મ જયંતિ પ્રસંગે જાહેર આમંત્રણ**

વર્ષ ૨૩ મું, જલારામ જયંતિ સમિતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સંવત ૨૦૮૦ ના કારતક સુદ ૭ ને રવિવાર તા. ૧૯.૧૧.૨૦૨૩ ના રોજ જલારામ જયંતિ ઉજવવાનું આયોજન કરેલ છે. આ પ્રસંગે આપ સહુ મિત્ર મંડળ સહિત સહભાગી થશો એવી નમ્ર વિનંતી.

**કાર્યક્રમ રવિવાર તા. ૧૯-૧૧-૨૦૨૩, શુભ સ્થળ : રામલીલા મેદાન, ગૌ શાળા લેન, મલાડ (પૂર્વ)**
**શોભાયાત્રા : સાંજે ૪.૩૦ કલાકે શ્રી જલારામ મંદિરથી આરંભ થઈ સાંજે ૭.૦૦ કલાકે રામલીલા મેદાનમાં જશે.**
**મહાઆરતી સાંજે : ૭.૦૦ કલાકે, મહાપ્રસાદ સાંજે ૭.૩૦ કલાક થી ૯.૩૦ કલાક સુધી**

**નોંધ : જે ભાઈ બહેનોને નીચે લખેલ સુચી મુજબ સેવામાં સહભાગી થવાની ઈચ્છા હોય તેમણે નીચે જણાવેલા ભાઈઓનો સંપર્ક કરવા વિનંતી.**
**જયેશભાઈ તન્ના : ૯૮૨૧૨૬૭૯૯૫ રાજેશભાઈ શાહ : ૯૩૨૨૬૬૭૮૪૧**

**: પ્રસાદની સુચી :**

(૧) પ્રસાદની બુંદીની સેવા (૨) પ્રસાદના ગાંઠીયાની સેવા (૩) પ્રસાદની પુરીની સેવા (૪) પ્રસાદના શાકની સેવા (૫) પ્રસાદની દાળની સેવા (૬) પ્રસાદના ખમણની સેવા (૭) પ્રસાદના ભાતની સેવા (૮) પ્રસાદની છાસની સેવા.

**આયોજક**

**શ્રી જગદીશભાઈ ખખ્ખર — શ્રી જયેશભાઈ તન્ના — શ્રી મુકેશભાઈ ચંદારાણા**
**શ્રી પંકજભાઈ આડતીયા — શ્રી દિલિપભાઈ માધવાણી — શ્રી ગીરીશભાઈ શાહ**

(જા x ખ)


Upcoming Tours (FEB)
Dubai with Yas Island
8Days
04-Feb to 11-Feb
Maximum Inclusions
3* Hotel Stay, With All Meals
Varanasi-Prayagraj
Chitrakoot-Ayodhya
Lucknow,Nemisharanya (10Days)
11-Feb to 20-Feb
NEPAL (10DAYS)
22-FEB TO 02-MAR
POKHARA-KATHMANDU-
CHITWAN-LUMBINI
Dakshin Bharat Tour
Trivendrum-Varkala-
Kanyakumari-Rameshwaram-
Madurai Trichy(Sri-Rangam)-
Kanchipuram - Vellor(Golden
Temple)-Tirupti
16-Jan to 28-Jan (13Days)
For More Details Contact
AD Tours &Travels
Ajay Dattani:- 9869070203 /7400170203
Kunal Udeshi :- 9823996229 / 8999152766

॥ શ્રીનાથજી પ્રસન્ન ॥
॥ શ્રી કૃષ્ણાય વાસુદેવાય હસ્યે પરમાત્માને પ્રણતઃ
કલેશનાશાય ગોવિંદાય નમો નમઃ ॥

આનંદ વરસે, મોર મુકુટમાં રંગ થઈને, મુરલીમાં સ્વર થઈને,
રાસલીલામાં તરબતર થઈને, ભાગવતજીમાં સ્વયં ઈશ્વર થઈને.
આનંદ વરસે, જ્યારે મોહ મટુકી ફુટે, પિતૃ સર્વ બંધનોથી છુટે,
હૃદય મનની ઓળખાણ પૂછે, ને પ્રભુની ઓળખાણ દેવામાં શબ્દો ખૂટે - ત્યારે આનંદ વરસે.
વેણુના નાદ - મહિયરના દાદને રસસ્વરૂપ મુરલી મનોહર બાંકે બિહારી, કુંજ વિહારી, વેણી માધવ એવા
મથુરાના લાલા, બાળ ગોપાલા, માખણચોર કૃષ્ણ કનૈયાની રાસલીલાનો રસાસ્વાદ માણવાનો અમૃતમય અવસર એટલે

## શ્રી હાલાઈ લોહાણા મહાજન દ્વારા આયોજીત

# શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

આ અમૃતમય શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના આચાર્યસ્થાને

**શ્રી વૈષ્ણવાચાર્ય વલ્લભ કુલભૂષણ પુજ્યપાદ ગો.૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી (કડી-અમદાવાદ)**

આપશ્રી તેમની અલૌકીક વાણી દ્વારા ભાગવત ભાગીરથીનું રસપાન કરાવશે.

શ્રીમદ ભાગવત જે કૃષ્ણ નામાત્મક સ્વરૂપ છે. તેમજ વૈષ્ણવોનું ધન છે. તેવા ભાગવત ભક્તિરસનું પાન કરવા તેમજ દિવ્ય ઉત્સવોનો આનંદ લેવા સાથે બેસી જ્ઞાન,કર્મ ને ભક્તિના ત્રીવેણી સંગમમાં સહભાગી થવાનું અમો આપ સહુને હૃદયપુર્વક આમંત્રણ પાઠવીએ છીએ.

## ॥ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના માંગલીક પ્રસંગો ॥

સં.૨૦૮૦ કારતક વદ - ૬, રવિવાર તા.૩.૧૨.૨૦૨૩ થી કારતક વદ ૧૨ શનિવાર તા.૯.૧૨.૨૦૨૩ સુધી
કથા શ્રવણ સમય બપોરના ૩.૦૦ થી ૭.૦૦ કલાકે

## ॥ કથા શ્રવણ સ્થળ ॥

વ્રજધામ, કમલા વિહાર સ્પોર્ટસ કોમ્પલેક્સની સામે, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

## ॥ શ્રીમદ ભાગવત પોથીજીની મંગળ શોભાયાત્રા ॥

કારતક વદ છઠ રવિવાર તા.૩.૧૨.૨૦૨૩ ના રોજ

| | | | |
|---|---|---|---|
| કારતક વદ છઠ | રવિવાર | તા.૩.૧૨.૨૦૨૩ | : શ્રીમદ ભાગવત મહાતમ્ય કથા |
| કારતક વદ સાતમ | સોમવાર | તા.૪.૧૨.૨૦૨૩ | : પ્રથમસ સ્કંદ પ્રારંભ |
| કારતક વદ આઠમ | મંગળવાર | તા.૫.૧૨.૨૦૨૩ | : ભાગવત કથા |
| કારતક વદ નોમ | બુધવાર | તા.૬.૧૨.૨૦૨૩ | : શ્રી નૃસિંહ અવતાર,શ્રી વામન અવતાર, શ્રી રામ અવતાર, શ્રી કૃષ્ણ અવતાર તથા નંદમહોત્સવ |
| કારતક વદ દસમ | ગુરૂવાર | તા.૭.૧૨.૨૦૨૩ | : બાળલીલા, ગોવર્ધન ઉત્સવ - અન્ન કોટ ઉત્સવ |
| કારતક વદ અગ્યારસ | શુક્રવાર | તા.૮.૧૨.૨૦૨૩ | : રાસ પંચાધ્યાય તથા રૂક્ષ્મણી વિવાહ |
| કારતક વદ બારસ | શનિવાર | તા.૯.૧૨.૨૦૨૩ | : સુદામા ચરિત્ર,પરીક્ષીત મોક્ષ તથા કથા વિરામ |
| કારતક વદ તેરસ | રવિવાર | તા.૧૦.૧૨.૨૦૨૩ | : શ્રી વિષ્ણુયાગ ભાગવતના દશાંશ હવન તેમજ |

## સમૂહ યજ્ઞોપવિત ઉત્સવ

પ્રભુની સંસારલીલામાં પ્રવેશ એ યજ્ઞોપવિત, પ્રભુની સંસારલીલાના સારને પામવાનો પ્રયત્ન એ ભાગવત કથા.
આનંદ મળે એટલે ખુશ - સુખ મળે એટલે ખુશ, આનંદ મેળવવો પડે - સુખ પામવુ પડે.
ને ખુશી તો અનુભવવાની હોય તો પ્રેમથી પધારી આ પાવન પ્રસંગને માણવા આપ સર્વે વૈષ્ણવજનોને હાર્દિક આમંત્રણ છે.

ઉપરોક્ત ભાગવત સપ્તાહ માં પોથી નોંધાવવાની આખર તારીખ તા. ૫.૧૧.૨૦૨૩ - ન્યોછાવર ફક્ત રૂા.૧૫૦૦૦/-
ઉપરોક્ત ભાગવત સેવામાં આપને સેવા આપવાની ઈચ્છા હોય તેમણે તેમના નામ અગાઉથીજ નોંધાવી દેવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| દરરોજની બ્રહ્મ ભોજનની સેવા | : રૂા.૧૧૦૦૦/- | દરરોજની દુધની સેવા | : રૂા.૫૧૦૦/ |
| દરરોજની પ્રસાદની સેવા | : રૂા.૫૧૦૦/- | દરરોજની ફુલહાર પુજાપાની સેવા | : રૂા.૫૧૦૦/- |

માળા પહેરામણી મંગળવાર તા.૫.૧૨.૨૦૨૩ ન્યોછાવર ફક્ત : રૂા.૧૫૦૦/-

# તેજસ્વીની સમિતિ

## કાર્યક્રમ : 'એક શામ તેજસ્વીની કે નામ'

**બાબુલ બાણપણની આપની કળી બની આંગન ની,**
**તરૂણ બની પાંખો ફેલાવી ઉઠી સપનાના આંગનમાં,**
**ફુલ બની ખીલી ઉઠી મહાજનમાં 'તેજસ્વી તારિકાં'**

શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ કાંદિવલી ખાતે તા. ૨-૯-૨૦૨૩ના શનિવારે સમી સાંજે આનંદપૂર્વક કાર્યક્રમ સંપન્ન થયો. શ્રી ગણેશ વંદના, શ્રી ગણેશ સ્તુતિથી કાર્યક્રમની શરૂઆત કરી. બહેનોને પ્રોત્સાહિત કરવા માટે તરૂણી બહેનો પોતાના મંતવ્યો વક્તવ્યો દ્વારા રજુ કર્યા. પ્રથમ કુ. અમીબેન કાનાણી જેઓ સી.એ. છે. જેમણે અભ્યાસ શિક્ષણ વિષે મહત્વ મંતવ્યો અનુભવો વિચારો રજુ કર્યા હતા. તેમણે નિ:શુલ્ક સેવા માર્ગદર્શન આપવા કહ્યું હતું. ત્યારબાદ કુ. હનીબેન કોટક જેઓ હાલમાં કમિટીની કાર્યકર્તા સ્વ. શ્રીમતી કામિનીબેન કોટક ની સુપુત્રી છે. હનીબેને આત્મવિશ્વાસ પોતાની માતાના સાથ સહકાર વિષે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ત્યારબાદ કુ. શીતલબેન જોબનપુત્રાએ હિંમત વિષે વિચારો પ્રગટ કર્યા હતા. બહેનોએ પ્રગતિના પંથે કેવી રીતે વિકાસના દરેક ક્ષેત્રે સફળતાના શિખરો સર કરવા તે માટે ડૉ. માનસીબેન ઠક્કરે સફળતાના ઉપર મંતવ્યો રજુ કર્યા હતા. છેલ્લે એક લાડકી નાની બાળકી કુ. હેતવી નથવાણીએ મધુર વાણી દ્વારા વિચારો રજુ કર્યા હતા.

સમિતીના આમંત્રણને માન આપીને માનનીય મુખ્ય મહેમાન એમ.ડી. શાહ મહિલા કોલેજ મલાડના પ્રોફેસર શ્રીમતી ઝંખનાબેન ઠક્કર પોતાનો અમૂલ્ય સમય આપીને અહીં પધાર્યા હતા. સાથે તેઓ પોતાની કોલેજની બે દિવ્યાંગ છાત્રા કુ. તેજલબેન વ્યાસ અને કુ. સારિકાબેન સીંધે જેઓ એમ.એ. નો અભ્યાસ પૂર્ણ કરેલ છે. તેમજ ઝંખનાબેન ઠક્કર પણ એમ.એ.એમ.એડ. (M.ED) ના નિષ્ણાંત છે. જેઓ કોલેજમાં ઈકોનોમીક્સના પ્રોફેસર છે.

બંન્ને બહેનો દિવ્યાંગ હોવા છતાં કુદરતની કૃપાથી સંગીતમાં વિશેષ રૂચિ ધરાવે છે. જેઓએ પોતાના સુમધુર કોકિલ કંઠ દ્વારા હિંદી ફિલ્મી ગીતો રજુ કર્યા હતા અને કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવ્યા હતા. વાતાવરણ આનંદીત બની ગયું હતું.

કાર્યક્રમના આયોજન માટે આપણા મહાજનના માનનીય પ્રમુખ શ્રી સતિષભાઈ દત્તાણીના નેતૃત્વ હેઠળ તથા માનનનીય ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ ગણાત્રા,



મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી માનનીય ડૉ. સુરેશભાઈ પોપટ, શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી માનનીય શ્રી મહેશભાઈ સામાણી, માનનીય ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા, માનનીય ટ્રસ્ટી શ્રી વિનોદભાઈ શિંગાળા, માનનીય ટ્રસ્ટી શ્રી રાકેશભાઈ કાનાબાર, મહિલા માર્ગદર્શક માનનીય ટ્રસ્ટી શ્રીમતી મીનાબેન ઠક્કર તથા પ્રેરણાદાયક એવા માનનીય ટ્રસ્ટી શ્રીમતી પ્રજ્ઞાબેન મોરઝરીયા તેમજ માનનીય માનદ્ મંત્રી શ્રી નિખીલભાઈ સુબા તથા માનનીય મંત્રી શ્રી હેમેન્દ્રભાઈ મજીઠીયા આપ સર્વેનો સાથે સહકાર માર્ગદર્શનથી કાર્યક્રમનું આયોજન થયું.

કાર્યક્રમનો આનંદ માણવા માનનીય મહેમાન દમણથી શ્રીમતી માનસીબેન વસાણી (ધ સ્કોમ ફાઉન્ડેશન - T.S.F.) ના બ્યુટીશયન તથા મુખ્ય માર્ગદર્શક છે. તેમજ બીજા માનનીય મહેમાન શ્રીમતી સલોનીબેન ઠક્કર જેઓ ગુજરાતી કલર્સ ટી.વી.ના એક્સપર્ટ રસોઈ શો માં ડાયરેક્ટર છે. ફોર્ટ હિંદુ સ્ત્રી મંડળ, કોકિલાબેન અંબાણીના કુક કુડના ટ્રેનર છે તથા અન્ય પંચતારક હોટલોમાં પણ કુક કુડના ટ્રેનર છે (મેનેજમેન્ટમાં ટ્રેનીંગ આપે છે) અન્ય મહેમાન શ્રી હાલાઈ લોહાણા કલ્યાણ મહાજન મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નીશાબેન આડતીયાએ હાજરી આપી. આનંદ ઉત્સાહ વધાર્યો હતો. દરેક ટ્રસ્ટીએ મહાજન વતી આવેલ મુખ્ય મહેમાનોનું સ્વાગત, સન્માન ભેટ પુરસ્કાર દ્વારા કર્યું હતું. દિવ્યાંગ બહેનોનું તથા સહભાગી બનેલી બહેનોનું પુરસ્કારભેટ ઉપરણા ઓઢાડી ક્રાઉન (મુગટ) પહેરાવીને સન્માન કર્યું હતું. અન્ય મહેમાનોમાં ફાલ્કન બસ ટ્રાવેલ્સના શ્રીમતી જયશ્રીબેન કોટક તથા ભૂતપૂર્વ (સ્વ.) શ્રી હિતેનભાઈ કોટેચાના શ્રીમતી ફાલ્ગુનીબેન કોટેચા પધારીને બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો.

કાર્યક્રમનું સંચાલન કરનાર ચેરપર્સન આનંદી ઉમંગી એવા શ્રીમતી અનસુયાબેન ઠક્કર, પ્રોજેક્ટ ચેરપર્સન શ્રીમતી શોભાબેન સુબા, કુ. બીનાબેન વિઠલાણી તથા વૈશાલીબેન ઠક્કર કાર્યક્રમ માટે ખૂબ જ મહેનત કરી હતી. કાર્યક્રમના સૂત્રધાર એવા કુ. નીપાબેન રાચ્છે પોતાની મધુર વાણી શૈલી દ્વારા ગીતોની લ્હાણી કરી સુંદર સંચાલન કર્યું હતું. તેમજ પડદા પાછળ રહીને કાર્ય કર્યું છે એવા સમિતિના બહેનો શ્રી યોગીનીબેન ઉનડકટ, શ્રી ચંદ્રિકાબેન ચોટાઈ, શ્રી અરૂણાબેન માવાણી, શ્રી ભારતીબેન પારપાણી, શ્રી કલ્પનાબેન ખંધેડિયા, શ્રી હંસાબેન મજીઠિયા, કુ. જ્યોતિબેન ગંગદેવ, જીજ્ઞાબેન કાપડીયા, શ્રી વર્ષાબેન લાખાણી ખૂબ જ મહેનત કરી હતી.

કાર્યક્રમનો આનંદ માણવા કારોબારી સભ્યો શ્રી કુસુમબેન રૂપારેલ, શ્રી પ્રકાશભાઈ માખેચા, શ્રી ભાવેશભાઈ પલાણ, શ્રી તરૂણભાઈ કાનાબાર, શ્રી વિનોદભાઈ કોટક, શ્રી પ્રવિણભાઈ ઠક્કર, શ્રી મહેન્દ્રભાઈ અભાણી, શ્રી પ્રકાશભાઈ તન્નાએ શુભ સંદેશો પાઠવ્યો હતો. આપ સૌએ હાજર રહી કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. અંતમાં અલ્પાહારની વ્યવસ્થા રાખી હતી.

આપનો સાથ સહકાર એજ તેજસ્વીની સમિતિના કાર્યક્રમની સફળતા. પ્રત્યક્ષ અથવા પરોક્ષ આપનો સહયોગ બદલ ખૂબ ધન્યવાદ. આભાર.

**ॐ શાંતિ** : તેજસ્વીની સમિતિ દ્વારા સમિતિના કાર્યકર્તા સ્વ. શ્રી કામિનીબેન કોટકને શ્રધ્ધાંજલીના સુમન.

**ખાસ નોંધ** : તેજસ્વીની સમિતિમાં ફક્ત કન્યા/યુવતી/કિશોરી યુવતી માટે છે.

જેના ફોર્મ ભરી જલ્દી સભ્ય બની આગામી કાર્યક્રમનો આનંદ માણો. વય મર્યાદા ૧૫ થી ૩૦ વર્ષ.

**લી. ચેરપર્સન - એડ. નેહાબેન ઠક્કર**

**ચેરપર્સન - અનસુયાબેન ઠક્કર**

# આધ્યાત્મિક સત્સંગ સમિતિ

ઉપરોક્ત સમિતિ દ્વારા નિજ શ્રાવણ માસના બીજા સોમવારે તા.૨૮-૮-૨૦૨૩ના સવારે ૧૦ વાગે મીરારોડની મહાજનવાડી મધ્યે સમિતિના ચે. પર્સન ચંદ્રિકાબેન છોટાઈએ સમુહ મહા રૂદ્રાભિષેકનો કાર્યક્રમ યોજયો હતો. જેમાં ૧૦૬ ભાવિકજનો ભાગ લઈને સારો પ્રતિસાદ આપ્યો હતો.

આ પ્રોગ્રામની પૂર્વ તૈયારી કરવામાં ફુલ, હાર, સવારનો ચા-નાસ્તો, કેટરિંગ તેમજ હોલમાં ટેલબ-ચેરનું અરેજમેન્ટ કરવામાં પ્રવાસ પર્યટનના ચેરમેન મહેન્દ્રભાઈ અભાણીએ ખુબ જ મદદ કરી સહકાર આપ્યો હતો. તેમજ શીતલ મોરઝરિયાએ મેમ્બર્સ કરી આપ્યા અને પૂજાની સામગ્રી લાવી તેના ડબ્બા ભરવા તથા બીજા મેમ્બર્સ કરી આપવામાં સમિતિના કાર્યકર્તા તથા કમિટિ મેમ્બર મનિષાબેન પોપટ તથા ચંદાબેન રાયચુરાએ ખુબ જ મહેનત કરી હતી.

આજ પ્રમાણે સમિતિએ બીજો મહારૂદ્રિનો પ્રોગ્રામ નિજ શ્રાવણ માસના ચોથા સોમવારે તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના બપોરે ૩ વાગ્યાથી કાંદિવલી બાળાશ્રમમાં યોજાયો હતો. જેમાં ૬૩ ભાવિક ભક્તોએ ભાગ લઈને સારો પ્રતિસાદ આપ્યો હતો.

બન્ને રૂદ્રાભિષકના પ્રોગ્રામમાં પરમ પૂજ્ય શાસ્ત્રીજી શ્રી ભરતભાઈ જોષી તથા તેના સહયોગી મહારાજે ગણેશ પૂજન તથા કળશ પૂજન કરીને રૂદ્રાભિષેકની પૂજાની શરૂઆત કરી હતી. બન્ને જગ્યાએ પૂજામાં બેસનાર સર્વ ભાવિક ભક્તોને પૂજાની સામગ્રીમાં પલાળેલા કઠોળ, દૂધ, પાણી, શેરડીનો રસ, નાળિયેર પાણી, કાળા તલ, અબિલ, ગુલાલ, કંકુ, ચોખા, ચંદન પાવડર, ભસ્મ, નાડાછડી તથા જેને જોઈએ તેને શિવલિંગ સમિતિ તરફથી આપવામાં આવ્યા હતા.

મીરા રોડની પૂજામાં સ્ટેજ ઉપર જે મુખ્ય સ્થાપન કરવામાંઆવ્યું હતું તેની પૂજા હાલાઈ લોહાણા મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ પોપટ તથા તેમના ધર્મપત્નિ શ્રીમતી મનિષાબેન પોપટના હસ્તે શરૂ



કરવામાં આવી હતી. શ્રી નિખિલભાઈ સુબાએ સહ કુટુંબ ભાગ લીધો હતો.

અને કાંદિવલી બાળાશ્રમની પૂજામાં સ્ટેજ પર જે મુખ્ય સ્થાપન કરવામાં આવ્યું હતું તેની પૂજા હાલાઈ લોહાણા મહાજનના ટ્રસ્ટી શ્રીમતી મીનાબેન ઠક્કર, મહાજનના માનદ્ મંત્રી શ્રી નિખિલભાઈ સુબા તેમના ધર્મપત્ની શ્રીમતી હીનાબેન સુબા, સમિતિના ચેરપર્સન ચંદ્રિકાબેન છોટાઈ, ચેરમેન શ્રી ભરતભાઈ જીમુલીયા, વા.ચેર પર્સન ભારતી પારપાણી, સેક્રેટરી વિપુલ ખાખરીયા તથા સર્વ કમિટિ મેમ્બર્સે સાથે મળીને કરી હતી. મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ પોપટ તથા શ્રી પિયુષભાઈ ગંઠાએ સમય કાઢી અભિષેક કરવા તથા આરતી કરવા આવી શોભા વધારી હતી.

આ બન્ને અભિષેકમાં મહાજનના કારોબારી સભ્યો શ્રી મહેન્દ્રભાઈ અભાણી, શ્રી ભાવેશભાઈ પલાણ, શ્રી તરૂણભાઈ કાનાબાર, શ્રી ભુપેન્દ્રભાઈ આડઠક્કર તેમજ લોહાણા શક્તિના તંત્રી શ્રી સંજયભાઈ ચંદારાણા, ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ ગોટેચાએ હાજર રહીને શોભા વધારી હતી.

આપણા પ્રમુખ શ્રી સતિષભાઈ દત્તાણીએ આ બંન્ને રૂદ્રાભિષેક માટે ફોન દ્વારા શુભેચ્છા પાઠવી હતી. સાથે સાથે ટ્રસ્ટી ગણ શ્રી રાજેશભાઈ ગણાત્રા, શ્રી મહેશભાઈ સામાણી, શ્રી રાકેશભાઈ કાનાબાર, શ્રી વિનોદભાઈ શિંગાળા તથા શ્રીમતી પ્રજ્ઞાબેન મોરઝરીયાએ બંન્ને રૂદ્રિ માટે ફોન દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

કાંદિવલીની પૂજામાં પૂજાપા ના ડબ્બા તથા પૂજા સામગ્રીને ધાન્ય લાવવાની જવાબદારી અરૂણાબેન માવાણીએ સારી રીતે પાર પાડી હતી તથા એન્ટ્રી ટેબલ પર બન્ને જગ્યાએ ઉર્વશીબેન પોંદાએ હર વખતની જેમ મેમ્બર્સની એન્ટ્રી ચેક કરીને કુશળતાપૂર્વક કામગીરી બજાવી હતી.

બન્ને જગ્યાના રૂદ્રાભિષેકમાં સર્વ ભક્તોને પૂજા સામગ્રી આસોપાલવના પાન, દૂધ, પાણી તથા શિવલિંગ આપવાની જવાબદારી સર્વે કમિટિ મેમ્બર્સ જેમાં ચંદ્રાબેન રાયચુરા, રીટાબેન પૂજારા, દક્ષાબેન ચંદારાણા, કુસુમબેન રૂપારેલ, જીજ્ઞા કાપડિયા, વિનોદભાઈ કોટક, અમૃતભાઈ ઠક્કર તથા ગિરિશભાઈએ ખુબ જ સારી રીતે પાર પાડી હતી.

ત્યારબાદ ભક્તજનોએ સરસ રીતે પૂજા-આરતી કરીને શાસ્ત્રીજીના આશિર્વાદ લીધા હતા. સમિતિ તરફથી બન્ને રૂદ્રિમાં બધા ભક્તોને ગિફ્ટ આપવામાં આવી હતી. ત્યારબાદ ફળાહારની પ્રસાદી લઈને સર્વે ખુશ ખુશાલ છુટા પડયા હતા.

**ચેરપર્સન - ચંદ્રિકાબેન છોટાઇ,**
**ચેરમેન - ભરતભાઈ જીમુલિયા**
**વા.ચેરપર્સન -**
**કલ્પનાબેન ખંધેડિયા, ભારતીબેન પરમાણી**



## મેડિકલ સમિતિ /સ્વાસ્થ્ય સમિતિ

આપ સર્વેને જણાવવાનું કે શ્રી હાલાઈ લોહાણા મહાજન (મુંબઈ) દ્વારા આપણા સમાજના લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને બે જગ્યાએ શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ, કાંદિવલી તથા શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી-મુંબઈ મધ્યે સ્વાસ્થ્ય સમિતિ કાર્યરત છે. આ સમિતિ દ્વારા સ્વાસ્થ્ય લક્ષી વિવિધ ઉપક્રમોનું આયોજન કરવામાં આવે છે. તો આપણા સમાજને સિનિયર સિટીઝનનો ધ્યાનમાં રાખીનો તા. ૩-૭-૨૦૨૩ રવિવારના સાંજે ૪ થી ૬ દરમ્યાન બાળાશ્રમ ૬ઠ્ઠે માળે કાંદિવલી મધ્યે 1 Free awerness Seminar નું સફળ આયોજન શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ મેડિકલ સમિતિ દ્વારા તથા Parkinson's Disease and Movement Disorder Society (PDMDS) ના સહયારા સહયોગ દ્વારા કરવામાં આવેલ. જેમાં ટોટલ ૫૭ સિનિયર સિટિઝનોએ તથા તેમની સાથે આવેલ સગા વહાલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સેમિનારમાં પાર્કિન્સંસ, સ્ટ્રોક અને ડિમેશિયા વિશે સરળ શૈલીમાં માહિતી આપવામાં આવેલ તથા તેઓને Physiotherapy ની ઘરે કરી શકાય તેની Exceersis તે સાથે Diet Plan આપવામાં આવેલ. આ સેમીનારના અંતમાં સવાલ જવાબ સેશન રાખવામાં આવેલ તથા PDMDS ના ડૉક્ટર્સ દ્વારા તેમના જવાબો ખુબ જ સંતુષ્ટકારક રીતે આપવામાં આવેલ. આવી રીતે Health ageing for senior Citizen free awareness seminar ખુબ જ માહિતીસભર તથા બધાને ઉપયોગી રહ્યો હતો.

આ ઉપક્રમના સફળ નિયોજનથી આયોજનમાં પડદા પાછળથી આપણા શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈના મે.ટ્રસ્ટી ડૉ. શ્રી સુરેશભાઈ પોપટ, ટ્રસ્ટીઓશ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી રાજેશભાઈ ગણાત્રા, શ્રી મહેશભાઈ સામાણી, શ્રી રાકેશભાઈ કાનાબાર, શ્રી વિનોદભાઈ શિંગાળા, શ્રીમતી મીનાબેન ઠક્કર, શ્રીમતી પ્રજ્ઞાબેન મોરઝરીયા, સેક્રેટરી શ્રી નિખિલભાઈ સુબા તથા શ્રી હેમેન્દ્રભાઈ મજીઠીયા, શ્રી ઉમેશભાઈ ઠક્કર, યોગિતાબેન ચંદારાણા, મેડિકલ સમિતિ ચેરમેન શ્રી તરૂણભાઈ કાનાબાર, શ્રી દિનેશભાઈ ઉનડકટ, શ્રી નરેશભાઈ રાજા, ચેરપર્સન બીનાબેન વિઠલાણી, વા. ચેરપર્સન ઈંદિરાબેન બદિયાણીએ ખુબજ મહેનત લીધેલી.

શ્રી ભાવેશભાઈ પલાણ, શ્રી મહેન્દ્રભાઈ અભાણી, શ્રી ધનસુખભાઈ મશરૂ, શ્રી રસિકભાઈ લાખાણી, શ્રી રાજુભાઈ રૂપારેલિયા, શ્રી રશ્મિનભાઈ પારપાની, શ્રી વિપુલભાઈ ખાખરીયા, શ્રી રમેશભાઈ ધનેશા, શ્રી અમૃતભાઈ ઠક્કર, શ્રી વિનોદભાઈ કોટક, શ્રી પ્રકાશભાઈ તન્ના, શોભાબેન ઠક્કર, અરૂણાબેન માવાણી, ચંદ્રિકાબેન છોટાઈ, જીજ્ઞાબેન કાપડીયા, વર્ષાબેન લાખાણી, નેહાબેન ઠક્કર, શોભાબેન સુબા, ભાવિબેન તકવાણી, યોગિતાબેન ઉનડકટ, ફાલ્ગુનીબેન કોટેચા વગેરે શ્રી હાલાઈ લોહાણા મહાજનના કારોબારી સભ્યોએ ઉપરોક્ત કાર્યક્રમના દિવસે સક્રિય રીતે યોગદાન આપેલ.

**નોંધ :** ઉપરોક્ત કાર્યક્રમના સફળ પ્રતિસાદને તથા સિનિયર સિટિઝન હેલ્થને ધ્યાનમાં રાખીને શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ તથા શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ, કાંદિવલી ના ટ્રસ્ટીઓ P.D.M.D.S. (NGO) દ્વારા નોંધનીય નિર્ણય લઈને દર મહિનાના બીજા શુક્રવારે સમય ૩.૩૦ થી ૪.૩૦ (૧ કલાક માટે). **સ્થળ :** શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ, અતુલ ટાવર પાસે, ગ્રાઉન્ડ ફ્લોરના આપણા સમાજનાં પાર્કિન્સસ, સ્ટ્રોક, ડિમેંશીયા તથા અલ્ઝાઈમરના પેશંટો માટે 'ટોટલ ફ્રી સેવા' આપે છે, તો આનો લાભ જેમ બને તેમ વધુમાં વધુ લોકો લેશો.

મેડિકલ સમિતિ ઉપરોક્ત સર્વેનો આભાર માને છે.

**લિ. મેડિકલ સમિતિ-મુંબઈ**
**ચેરમેન : નરેશભાઈ રાજા,**
**ચેરપર્સન : બીનાબેન વિઠલાણી**
**વા. ચેરપર્સન : ઈંદિરાબેન બદીયાણી**
**મેડિકલ સમિતિ, કાંદિવલી**
**ચેરમેન : તરૂણભાઈ કાનાબાર**
**ચેરમેન : દિનેશભાઈ ઉનડકટ**

# સાંસ્કૃતિક સમિતિ

સાંસ્કૃતિક સમિતિનો એક મનોરંજક કાર્યક્રમ 'મ્યુઝિકલ હાઉઝી' નીપાબેન રાચ્છના સથવારે તા. ૨૭.૮.૨૦૨૩ ના રવિવારના રોજ સાંજનાં ૪.૩૦ વાગે કાંદિવલી બાળાશ્રમ ખાતે યોજાયેલ હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ચેરમેન શ્રી કેતનભાઈ રાયચુરા તથા ચેરપર્સન શ્રીમતી ભાવિબેન તકવાણીએ સમિતિના સર્વ સભ્યોનો પરિચય કાર્યક્રમમાં આવેલ સર્વ જ્ઞાતિજનોને કરાવેલ.

નીપાબેન રાચ્છ અને તેમના સાથી કલાકારો દ્વારા ગણપતી બાપાની સ્તુતિ સાથે જુના તથા નવા ફીલ્મી ગીતો તથા ગુજરાતી ગીતો ગાઈને આવેલ જ્ઞાતીજનોને ખુબ જ આનંદ કરાવેલ હતો. તેમજ આવેલ મહેમાનોએ પણ આ સંગીતમય કાર્યક્રમ ભરપુર માણ્યો હતો. લગભગ ૧૧૦ જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

ટીકીટ કાઉન્ટર પર શ્રીમતી હેતલબેન જટાણીયા, વૈશાલી ઠક્કર, ભાનુબેન પૌરાણાએ ખુબ જ સુંદર વ્યવસ્થા સંભાળેલ હતી. તથા ફરાળી નાસ્તાના કાઉન્ટર પર શ્રી અમૃતભાઈ ઠક્કર, શ્રી કિરીટભાઈ ચંદારાણા, શ્રી ભાવેશભાઈ ગઢિયાએ સુંદર વ્યવસ્થા સંભાળેલ હતી.

સમિતિના આગ્રહને માન આપી મે. ટ્રસ્ટી શ્રી ડૉ. સુરેશભાઈ પોપટ, ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ ગણાત્રા, બાળાશ્રમના મે.ટ્રસ્ટી શ્રી મહેશભાઈ સામાણી તથા મહાજનના માનદ્ મંત્રી શ્રી નિખીલભાઈ સુબા, પી.આર.ઓ. શ્રી ભુપેન્દ્રભાઈ આડઠક્કર પધારેલ હતા. ટ્રસ્ટી શ્રી વિનોદભાઈ શિંગાળા, ટ્રસ્ટી શ્રી રાકેશભાઈ કાનાબાર તથા માનદ્ મંત્રી શ્રી હેમેન્દ્રભાઈ મજેઠિયાએ ફોન દ્વારા શુભેચ્છા પાઠવેલ હતી.

શ્રીમતી કુસુમબેન રૂપારેલ, નેહાબેન ઠક્કર, જીજ્ઞાબેન કાપડિયા, ધનસુખભાઈ મશરૂ, તરૂણભાઈ કાનાબાર, ભાવેશભાઈ પલાણ, મહેન્દ્રભાઈ અભાણી, વિનોદભાઈ કોટક, પ્રવીણભાઈ ઠક્કર પધારેલ હતા.

હાઉઝી ગેઈમના વિજેતાઓને ઈનામ સમિતિના સેક્રેટરી શ્રી બીપનભાઈ પારપાણી તરફથી આપવામાં આવેલ હતા.

કાર્યક્રમના અંતે સમિતિ દ્વારા રાખવામાં આવેલ ફરાળી અલ્પાહારને ન્યાય આપી સર્વ જ્ઞાતિજનો છુટા પડેલ હતા.

**ચેરમેન - શ્રી કેતનભાઈ રાયચુરા**
**ચેરપર્સન - શ્રીમતી ભાવિબેન તકવાણી**



## કોલેજ બુક બેંક / હાયર એજ્યુકેશન સમિતિ

ઉપરોક્ત સમિતિનો સંયુક્ત સન્માન સમારંભ ૭ જાન્યુઆરી ૨૦૨૪ રવિવાર ના રોજ શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ, કાંદિવલી મધ્યે આયોજીત કરેલ છે.

**F.Y.J.C. / S.Y.J.C.**

૭૫ % તથા તેની ઉપર

**F.Y/S.Y./T.Y. (Arts, Commecve & Science)**

૭૦ % તથા તેની ઉપર.

**પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પાસ થયેલ દરેક વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકશે.**

ફોર્મ ૨૦ ઓક્ટોબરથી શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી મુંબઈ અને શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ કાંદિવલી મધ્યેથી મળશે.

ફોર્મ સ્વચ્છ અને સારા અક્ષરે ભરીને ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ સુધી આપી જવા વિનંતી.

| કોલેજ બુક બેંક સમિતિ | હાયર એજ્યુકેશન સમિતિ |
|---|---|
| મનોજભાઈ જીમુલીયા | વિકીભાઈ મજીઠીયા |



## સમુહ લગ્ન સમિતિ



ઉપરોક્ત સમિતિ દ્વારા ૪૮માં સમુહ લગ્નનું આયોજન તા. ૨૮-૧-૨૦૨૪ના રોજ શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી, ઠાકુરદ્વાર મધ્યે કરવાનું નિરધારેલ છે.

તેમના ફોર્મ તા. ૧૫-૮-૨૦૨૩ થી ૪-૧૧-૨૦૨૩ સુધીમાં ભરવાના રહેશે.

**: ફોર્મ મેળવવાના સ્થાનો :**

૧. શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી-મુંબઈ

૨. શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ, કાંદિવલી સમય ૧૨ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી

**: વધુ વિગત માટે સંપર્ક :**

| | | |
|---|---|---|
| પ્રશાંતભાઈ વિઠલાણી | -ચેરમેન | - ૯૮૯૨૩૫૦૫૨૫ |
| પ્રકાશભાઈ માખેચા | -વા. ચેરમેન | - ૯૮૨૦૪૬૨૪૪૪ |
| પ્રફુલભાઈ મોદી | -વા. ચેરમેન | - ૯૮૯૦૮૯૦૦૪૯ |

## સહાયક નિધી સમિતિ

ઉપરોક્ત સમિતિ દ્વારા દિવાળી નિમિત્તે અનાજ, મિઠાઈ, ફરસાણનું વિતરણ રાખેલ છે.

(૧) **મુંબઈ :** શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી મધ્યે તા. ૫.૧૧.૨૦૨૩, રવિવારના રોજ.
સમય : ૧૧.૩૦ થી ૧ કલાક

(૨) **કાંદિવલી :** શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ મધ્યે તા. ૫.૧૧.૨૦૨૩, રવિવારના રોજ.
સમય : બપોરના ૪ થી ૬ કલાક

(૩) **મીરારોડ :** શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી, કણકયા બેંવલી પાર્ક, મીરારોડ
સમય : સવારના ૯ થી ૧૧ કલાક

(૪) **ભાઈંદર :** શ્રી જલારામ ભક્તિ ધામ મંદિર, મહારાણા પ્રતાપ રોડ, ભાઈંદર (વેસ્ટ).
સમય : સવારના ૧૧ થી ૧૨.૩૦ કલાક

(૫) **વસઈ :** શ્રી રઘુકુળ યુવક પ્રગતી મંડળ (જલારામ મંદિર), પ્લોટ નંબર. ૩૪, જોશી હોસ્પિટલની બાજુમાં, ICICI બેંકની ગલીમાં, પંડીત દીન દયાળ નગર, વસઈ (વેસ્ટ)
સમય : સવારના ૧૦ થી ૧૨ કલાક

(૬) **નાલાસોપારા :** મારૂ આરાધના ભવન, ૨ જે માળે, રામદેવ ઝેરોક્ષની સામે, તુળીંજ રોડ ચાર રસ્તા, નાલાસોપારા (ઈસ્ટ).
સમય : સવારના ૯ થી ૧૧ કલાક

(૭) **વિરાર :** શ્રી જલારામ મંદિર, જલારામ બેન્કવેટ હોલ, બસ ડેપોની બાજુમાં, વિરાર (વેસ્ટ)
સમય : સવારના ૧૦ થી ૧૨ કલાક

**ગોવિંદભાઈ ખોડા - ૯૯૨૩૫૮૨૨૯**

# પ્રવાસ પર્યટન સમિતિ

ઉપરોક્ત સમિતિ દ્વારા નાથદ્વારા યાત્રાનું સફળ આયોજન થયેલ. તા. ૩.૧૦.૨૦૨૩ના રોજ મુંબઈથી નિકળી તા. ૪.૧૦.૨૦૨૩ ના રોજ નાથદ્વારા પહોંચેલ. યાત્રામાં કુલ ૨૩૫ યાત્રાળુઓએ લાભ લીધેલ હતો. આ પ્રવાસ દરમ્યાન સવારે ટ્રેનમાં નાસ્તો, બપોરનું જમવાનું તથા નાથદ્વારા ન્યુ કોટેજમાં તથા દામોદરધામમાં સર્વે વૈષ્ણવને રહેવા તથા જમવાની વ્યવસ્થા પ્રવાસ પર્યટન સમિતિ દ્વારા કરવામાં આવેલ. યાત્રામાં આપણી સાથે મહાજનના ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ ગણાત્રા (ભગત), મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડૉ. સુરેશભાઈ પોપટ, ટ્રસ્ટી શ્રી મહેશભાઈ સામાણી, ટ્રસ્ટી શ્રી રાકેશભાઈ કાનાબાર તથા ટ્રેઝરર ટ્રસ્ટી શ્રી અશોકભાઈ ચોટાઈ આવેલ તથા આ પ્રવાસ દરમ્યાન સર્વે ટ્રસ્ટી ગણનો અમોને ખુબ જ સુંદર સાથ સહકાર તથા માર્ગદર્શન મળેલ. સાથે પ્રવાસ દરમ્યાન અમારી સમિતિના તરૂણભાઈ કાનાબાર, કુસુમબેન રૂપારેલ, રમેશભાઈ ધનેશા તથા ભારતીબેન દત્તાણીનો સુંદર સહકાર મળેલ તથા યાત્રામાં જોડાયેલ દરેક સભ્યોનો પણ અમોને સુંદર સહકાર મળેલ.

આ પ્રવાસમાં તા. ૩-૧૦-૨૦૨૩ના રોજ બોરીવલી સ્ટેશન ઉપર મહાજનશ્રીના P.R.O. શ્રી



હિતેષભાઈ દત્તાણી તથા કારોબારી શ્રી રાજેન્દ્રભાઈ રૂપારેલીયાએ શ્રીફળ તથા પેંડો આપી પ્રવાસની શુભેચ્છા આપી હતી. તદ્‌ઉપરાંત ઘણા મહાજનના કારોબારીએ ફોનમાં તથા રૂબરું અમોને શુભેચ્છા પાઠવી હતી.

અમો સહુ તા. ૬-૧૦-૨૦૨૩ના ઉદયપુરથી નિકળી તા. ૭-૧૦-૨૦૨૩ ના નાથદ્વારાથી મુંબઈ બધા આનંદથી આવી ગયેલ. આ પ્રવાસ દરમ્યાન અમોને મહાજન સ્ટાફ તથા દરેક યાત્રામાં આવેલ યાત્રીઓનો ખુબ જ સુંદર સાથ સહકાર મળેલ. આ પ્રવાસ દરમ્યાન અમોને વિસ જણા માટેના દાતા શ્રી સતિષભાઈ કાનજીભાઈ લાખાણી તરફથી મળેલ. શ્રી હાલાઈ લોહાણા મહાજન તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.

**ચેરમેન – શ્રી ભાવેશભાઈ પલાણ**

**ચેરમેન – શ્રી મહેન્દ્રભાઈ અભાણી**





# કેળવણી સમિતિ

**આદરણીય જ્ઞાતિજનો,**

શ્રી હાલાઈ લોહાણા મહાજન કેળવણી સમિતિ દ્વારા સરસ્વતી સન્માન સમારંભનું આયોજન રવિવાર તા. ૧.૧૦.૨૦૨૩ના રોજ શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી મુંબઈ મધ્યે કરવામાં આવેલ હતું. ધોરણ ૧ થી ૧૦ સ્કૂલના વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમની શરૂઆતમાં દિપ પ્રાગટય માટે કેળવણી સમિતિના ચેરમેન શ્રી પિયુષભાઈ રાજપોપટ તથા મહાજનના ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ કાકુભાઈ ગણાત્રા (ભગત) ની આગોવાની માં અતિથી વિશેષ તરીકે પધારેલ શ્રીમતી અવનિબેન વીકીભાઈ ભાયાણી Academic Counsellor - Vibgyor Group), ડૉ. રીધ્ધીબેન દિપકભાઈ રાયચુરા (MBBS, DNB. Opthamology Surgeon) તેમજ એસ.એસ.સી. માં ગોલ્ડ મેડલ મેળવનાર બાળકોની સાથે સાથે મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડૉ. સુરેશભાઈ પોપટ, ટ્રેઝરર ટ્રસ્ટી શ્રી અશોકભાઈ ચોટાઈ, અન્ય ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી મહેશભાઈ સામાણી, શ્રી રાકેશભાઈ કાનાબાર, મહાજનના માનદ્ મંત્રી શ્રી નિખિલભાઈ સુબા, શ્રી હેમેન્દ્રભાઈ મજીઠીયા, પી.આર.ઓ. શ્રી હિતેશભાઈ દત્તાણી તેમજ શ્રી ભુપેન્દ્રભાઈ આડઠક્કર તથા બધી જ સમિતિના ચેરમેન તથા ચેરપર્સન તેમજ હાજર શ્રીમતી અવનિબેન ભાયાણી તથા ડૉ. રિધ્ધીબેન રાયચુરાના ફેમીલી મેમ્બર્સ તેમજ અન્ય હાજર મહેમાનો જોડાયેલ હતા. દિપ પ્રાગ્ટયની પછી સર્વે મહેમાનો તથા મહાજનના ટ્રસ્ટીઓ તેમજ પદાધિકારીઓ ડાયસ ઉપર બીરાજ્યા બાદ રાષ્ટ્રગીત દ્વારા પ્રોગ્રામની શરૂઆત કરેલ હતી. ત્યારબાદ શ્રી નિર્વાણભાઈ કાનાબાર દ્વારા સરસ્વતી વંદના કરી પ્રોગ્રામ આગળ વધારેલ હતો.

પ્રોગ્રામને આગળ વધારતા મહાજનના ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ ગણાત્રા (ભગત) તથા ટ્રેઝરર ટ્રસ્ટી શ્રી અશોકભાઈ ચોટાઈ દ્વારા પધારેલ અતિથી વિશેષ શ્રીમતી અવનીબેન ભાયાણીનું સન્માન કરવામાં આવેલ હતું. તેમજ અન્ય પધારેલ અતિથી વિશેષ ડૉ. રિધ્ધીબેન રાયચુરાનું સ્વાગત મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડૉ. સુરેશભાઈ પોપટ, ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી મહેશભાઈ સામાણી તેમજ શ્રી રાકેશભાઈ કાનાબાર હસ્તક કરવામાં આવેલ હતું. તેમજ તેમની સાથે પધારેલ બધા ફેમીલી મેમ્બર્સનું સ્વાગત બન્ને માનદ્ મંત્રીઓ તેમજ બંન્ને પી.આર.ઓ. દ્વારા કરવામાં આવેલ હતું. ત્યારબાદ ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠાએ બાળકોને સંબોંધીત કરતા બન્ને અતિથી વિશેષની










મેળવેલ ઉપલબ્ધીઓની જાણકારી આપેલ હતી. કાર્યક્રમને આગળ વધારતા પુરા કાર્યક્રમનું સંચાલન કરનાર શ્રીમતી પાયલબેન ગોકાણી દ્વારા આજના અતિથિ વિશેષ શ્રી અવનિબેનનો પરિચય આપતા તેમને બાળકોને માર્ગદર્શન આપવા જણાવેલ. શ્રીમતી અવનિબેન ભાયાણી દ્વારા વિદ્યાર્થીઓને ભણતરને અનુલક્ષી તેમના ફાયદા વિશે સમજાવ્યું હતું.

કાર્યક્રમમાં આગળ વધતા અતિથિ વિશેષ ડૉ. રિધ્ધિબેનનો પરિચય માનદ્ મંત્રી શ્રી હેમેન્દ્રભાઈ મજીઠીયા દ્વારા આપવામાં આપતા તેમણે જણાવેલ કે રિધ્ધિબેન પણ અગાઉ અન્ય બાળકોની જેમ જ શ્રી હાલાઈ લોહાણા મહાજનમાંથી ત્રણ વખત ગોલ્ડ મેડલ મેળવી ચુકેલ છે અને આજે અતિથિ વિશેષ તરીકે પધારી બાળકોનું સન્માન કરી રહ્યાં છે. તો આખી સફર દરમ્યાનના તેમના અનુભવો જણાવવા વિનંતી કરતા તેમણે તેમનો અનુભવ બધા સાથે શેર કરતા બાળકોને માર્ગદર્શન આપેલ હતું.

ઉપરોક્ત પ્રોગ્રામનું સંપુર્ણ સંચાલન કરનાર શ્રીમતી પાયલબેન ગોકાણીનું સ્નમાન બન્ને અતિથિ વિશેષ દ્વારા કરવામાં આવેલ હતું.

ત્યારબાદ ધોરણ ૯ અને ૧૦ માં ઉચ્ચ ગુણાંક મેળવી સિધ્ધિ હાસેલ કરનાર તેજસ્વી તારલાઓનું સન્માન ગોલ્ડ મેડલ તથા દ્વિતીય આવનારનું સન્માન સિલ્વર મેડલ, ટ્રોફી, બુક્સ, મોમેન્ટો તેમજ સર્ટીફીકેટ દ્વારા હાજર રહેલ દરેક અતિથિ વિશેષ, ઉપપ્રમુખ, ટ્રસ્ટીઓ, માનદ્ મંત્રીઓ, પી.આર.ઓ., ચેરમેન, કારોબારી મેમ્બર્સ તથા મહેમાનોના હસ્તક કરવામાં આવેલ હતું. તથા એસ.એસ.સી. માં ૯૦ ટકાની ઉપર લાવનાર દરેક બાળકોનું સ્નમાન ટ્રોફી, બુક્સ, મોમેન્ટો તેમજ સર્ટીફીકેટ દ્વારા કરવામાં આવેલ હતું. ત્યારબાદ





સર્વેનો યાદગીરી રૂપે એક ગ્રુપ ફોટો પડાવેલ હતો.

ઉપરોક્ત સન્માન સમારંભમાં આપણને નીચે જણાવેલ દાતાઓ પાસેથી મેડલ મળેલ હતા.

**ગોલ્ડ મેડલના ડોનર્સ :** (૧) શ્રી સતિષભાઈ દત્તાણી, (૨) શ્રી પિયુષભાઈ ગંઠા (૩) એક વૈષ્ણવ તરફથી.

**સિલ્વર મેડલના ડોનર્સ :** શ્રીમતી રશ્મીબેન નરેશભાઈ રાજા પરિવાર.

પ્રોગ્રામને આગળ વધારતા બાકી રહેલ ધો. ૧ થી ૧૦ ના સર્વે વિદ્યાર્થીઓનું સન્માન બુક્સ, મોમેન્ટો તેમજ સર્ટીફીકેટ દ્વારા હાજર રહેલ દરેક અતિથિ વિશેષ, ઉપપ્રમુખ, ટ્રસ્ટીઓ, માનદ્ મંત્રીઓ, પી.આર.ઓ., ચેરમેન, કારોબારી મેમ્બર્સ તથા મહેમાનોના હસ્તક કરવામાં આવેલ હતું. ત્યારબાદ ઉપસ્થિત સર્વે બાળકો, વાલીઓ તેમજ આમંત્રીત મહેમાનોએ ભોજન વ્યવસ્થાનો લાભ લીધેલ હતો.

આ આખા પ્રોગ્રામને સફળ બનાવવામાં દરેક કાર્યકરોએ ખુબ જ સાથ સહકાર આપેલ હતો. તેમાં ખાસ કરીને ડૉ. શ્રી ફોરમબેન રાચ્છ તથા હરિતાબેન મજીઠીયાએ સર્ટીફીકેટ તૈયાર કરવામાં તથા પાયલબેન ગોકાણીએ તથા યોગેશભાઈ કાનાબારને પ્રોગ્રામનું સંચાલન કરવામાં તેમજ અન્ય કાર્યકરો વાઈસ ચેરમેન શ્રી રાજુભાઈ રૂપારેલીયા, ધર્મેશભાઈ તન્ના, નરેશભાઈ રાજા, ભાવિકભાઈ ગોકાણી, ભાવેશભાઈ તન્ના, સુરેશભાઈ જીમુલીયા, દિપેશભાઈ મજીઠીયા, કેતનભાઈ રાચ્છ, હિતેશભાઈ સુતરીયા, પ્રવિણભાઈ કાનાબાર, રમેશભાઈ ધનેશા, અવનીબેન તન્ના તેમજ મહાજનના દરેક સ્ટાફે ખુબ જ સાથ સહકાર આપેલ હતો.

**ચેરમેન - શ્રી પિયુષભાઈ રાજપોપટ**

# ચિલ્ડ્રન સમિતિ

ઉપરોક્ત સમિતિ દ્વારા આયોજીત કાર્યક્રમ 'દિવાળી સેલીબ્રેશન સાથે કટપુતલીનો શો' સાથે 'પપેટ મેકિંગ' તા. ૨૬.૧૧.૨૦૨૩, રવિવાર, સમય : સાંજના ૪ થી ૭, કાંદિવલી બાળાશ્રમ ૬ ઠ્ઠે માળે રાખેલ છે.

(બાળકોની એજ ગ્રુપ) ૩ થી ૧૪ વર્ષ. મર્યાદિત એન્ટ્રીઓ લેવાની હોવાથી જલ્દીથી નામો નોંધી લેવા.

એન્ટ્રી ફી - રૂા. ૧૦૦/- બાળક તથા વાલી માટે રાખેલ છે. સાથે યમી યમી અલ્પાહાર રાખેલ છે.

એન્ટ્રી તા. ૨૧.૧૧.૨૦૨૩ સુધી લેવામાં આવશે.

**: કોન્ટેક માટે :**

ચેરપર્સન - ભારતીબેન ઠક્કર - ૯૩૨૨૨૯૦૩૪૮
ચેરપર્સન - જીજ્ઞા કાપડીયા - ૯૮૨૧૪૦૭૯૫૫

**સમિતિ સભ્ય**

કુસુમબેન રૂપારેલીયા - ૭૩૮૫૪૭૦૦૯૮
મનીષાબેન પોપટ - ૯૩૨૨૩૩૫૩૪૦
શીતલબેન મોરઝરીયા - ૮૬૫૫૭૦૮૦૩૦
બાળાશ્રમ - ચારુબેન/ભુપેન્દ્રભાઈ - ૨૮૬૫૦૭૮૧
મુંબઈ મહાજનવાડી - ૨૩૮૨૧૦૯૨



# રમત-ગમત સમિતિ

**પ્રથમ રઘુવંશી બેડમિંટન લીગ ૨૦૨૩માં આપણા મહાજનને નીચે મુજબમાં સ્પોન્સર્સનો સહકાર પ્રાપ્ત થયો હતો.**



**શ્રી બિમલભાઈ વસાણી**



**શ્રી કૌશિકભાઈ પજવાણી**

**ટાઈટલ સ્પોન્સર**

**RAMYA Impex Pvt. Ltd. – શ્રી બિમલભાઈ રમેશભાઈ વસાણી અને શ્રી કૌશિકભાઈ મુકેશભાઈ પજવાણી**

**ટીમ – RAMYA**

શ્રી બિમલભાઈ રમેશભાઈ વસાણી અને શ્રી કૌશિકભાઈ મુકેશભાઈ પજવાણી Pharnacetucal અને Surgical Items ના વ્યવસાયમાં જોડાયેલ છે, તેઓની કંપની RAMYA Impex Pvt. Ltd. તેમના ક્ષેત્રનું એક પ્રતિષ્ઠિત નામ છે.

બિમલભાઈના પિતાશ્રી શ્રી રમેશભાઈ નંદલાલ વસાણી લોહાણા વિદ્યાર્થી ભવન અંધેરી અને વડાલાના ટ્રસ્ટી પદે સેવા આપી રહ્યા છે, આ ઉપરાંત તેઓ ૨૦૧૦ થી ૨૦૧૯ દરમ્યાન આ સંસ્થાના પ્રમુખ પદે સેવા આપી ચુક્યા છે.

કૌશિકભાઈ Lions Club - Mumbai Western સાથે છેલ્લા ૮ વર્ષથી જોડાયેલા છે અને સમાજ ઉપયોગી કાર્યો કરે છે. ૨૦૧૭-૧૮ દરમ્યાન તેઓ આ કલબના ટ્રેઝરર રહી ચુક્યા છે. આ ઉપરાંત તેઓ પોતાની સોસાયટીમાં પણ અવારનવાર અલગ અલગ રમતોનું આયોજન કરતા રહે છે. કૌશિકભાઈના કાકા શ્રી હિતેષભાઈ પજવાણી દહાણુ લોહાણા મહાજનમાં પ્રમુખ પદે રહ્યા છે અને હજુ પણ પોતાની સેવા આપી રહ્યા છે.

વસાણી અને પજવાણી પરિવાર બીજી ઘણી સંસ્થાઓ સાથે સમાજ ઉપયોગી કાર્યો કરતા રહે છે. બિમલભાઈ અને કૌશિકભાઈ બન્ને બેડમિંટનના ઉમદા ખેલાડી છે અને નિયમિત ધોરણે બેટમિંટન રમે છે.



**શ્રી વિરાજભાઈ ઘેલાણી**

**ટિમ સ્પોન્સર : શ્રી વિરાજભાઈ વિજયભાઈ ઘેલાણી**

**ટિમ – Shuttler Chargers**

શ્રી વિરાજભાઈ વિજયભાઈ ઘેલાણીના નામ થી કોઈ અપરિચિત નથી, Influencer તરીકે તેઓ વિવિધ સોશ્યલ મીડિયા પ્લેફોર્મ પર લગભગ ૧૩ લાખથી વધુ Followers ધરાવે છે, પોતાની આગવી શૈલી અને રમૂજવૃત્તિથી લોકોનું મનોરંજન કરતા રહે છે. તેઓ બોલીવુડની જવાન અને ગોવિંદા નામ મેરા જેવી ફિલ્મોમાં કામ કરી ચુક્યા છે અને OTT પ્લેટફોર્મ પર પણ ઘણું કામ કરી ચુક્યા છે. તેઓ બેડમિંટનના ઉમદા ખેલાડી છે અને નિયમિત ધોરણે બેડમિંટન રમે છે.



શ્રી કેતનભાઈ ઠક્કર

**ટિમ સ્પોન્સર : ECM Logistics Pvt. Ltd. - શ્રી કેતનભાઈ કુંવરજીભાઈ ઠક્કર**

**ટિમ – ECM Logistics**

શ્રી કેતનભાઈ કુંવરજીભાઈ ઠક્કર લોજિસ્ટિક્સ ના વ્યવસાયમાં છે. તેમની કંપનીનું Freight Forwarding, Warehousing Storage, and Customs Clearing Services ક્ષેત્રે ખુબ પ્રતિષ્ઠિત નામ છે. કેતનભાઈ પોતે ક્રિકેટ અને વોલીબોલ નિયમિત પણે રમે છે. આપણા મહાજનની ટીમ ૩ વખત મીડ જે કપ T 10 ટુર્નામેન્ટ જીતી છે તેમાંથી ૨ વખત તેઓ કેપ્ટન અને એક વખત ટીમના મેન્ટોર રહ્યા છે. મહાજનની વિવિધ પ્રવૃત્તિઓમાં તેમનો તથા તેમના પરિવારનો હંમેશા સહકાર રહ્યો છે.




શ્રી કમલેશભાઈ રાયઠઠ્ઠા

**ટિમ સ્પોન્સર : Kaysons - શ્રી કમલેશભાઈ કિશોરભાઈ રાયઠઠ્ઠા**

**ટિમ – Kaysons Shuttlers**

શ્રી કમલેશભાઈ કિશોરભાઈ રાયઠઠ્ઠા Fabric Manufacturing ના વ્યવસાયમાં પ્રવૃત્ત છે. તેઓ મુંબઈ અને ભિવંડીમાં Manuufacturing Unit ધરાવે છે. તેઓ અને તેમનો પરિવાર રમત ગમતમાં ઊંડો રસ ધરાવે છે. તેઓ આપણા સમાજની ક્રિકેટ સ્પર્ધા રઘુવંશી પ્રીમિયર લીગ સાથે પણ જોડાયેલા છે. આ સ્પર્ધામાં પણ તેમના પરિવારના ૫ સભ્યો રમ્યા હતા. તેઓ મહાજનની બીજી પ્રવૃત્તિઓમાં પણ સહકાર આપવા ઉત્સુક છે.



શ્રી ગૌરવભાઈ કારિયા



શ્રી અમરભાઈ ઠક્કર

**ટિમ સ્પોન્સર : Saffron Celebrations - શ્રી ગૌરવભાઈ જીતેન્દ્રભાઈ કારિયા**

**શ્રી અમરભાઈ રસિકભાઈ ઠક્કર**

**ટિમ – Saffron Smashers**

શ્રી ગૌરવભાઈ જીતેન્દ્રભાઈ કારિયા ઈવેન્ટ મેનેજમેન્ટ એન્ડ ડેકોરેશનના વ્યવસાયમાં તેમની કંપની Saffron Celebrations તેમના ક્ષેત્રમાં નામના ધરાવતી કંપની છે, તેઓ ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં પેડિયાટ્રિક વોર્ડમાં કેન્સર પીડિત બાળકોના મનોરંજન માટે થતા HOPE તથા બીજા કાર્યક્રમોનું Management સંભાળે છે અને આ માટે તેઓ વગર નફાએ કામ કરે છે. તેઓ બેડમિંટન પણ નિયમિત પણે રમે છે. તેઓ સમાજની અન્ય પ્રવૃત્તિઓમાં પણ મદદરૂપ થવા ઉત્સુક છે.

શ્રી અમરભાઈ રસિકભાઈ ઠક્કર CA છે. IIFL Wealth Management માં Executive Vice President ની પદવી ધરાવે છે. તેઓ ક્રિકેટના ઉમદા ખેલાડી છે અને આપણા સમાજમાં આયોજીત થતી રઘુવંશી પ્રીમિયર લીગમાં પણ રમે છે. તેઓ બેડમિંટન પણ નિયમિત રમે છે. તેઓ સમાજની અન્ય પ્રવૃત્તિઓમાં પણ મદદરૂપ થવા ઉત્સુક છે.

# HLM વૉલીબૉલ ટુર્નામેન્ટ ૨૦૨૩

રમત-ગમત સમિતિ દ્વારા તા. ૩.૯.૨૦૨૩ના રોજ HLM વૉલીબૉલ ટુર્નામેન્ટ ૨૦૨૩' નું આયોજન મંડપેશ્વર સીવીક ફેડરેશન (MCF) બોરીવલી ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૪૮ પ્લેયર્સએ ભાગ લીધો હતો. તેમાં ૮ પ્લેયર્સ બાળાશ્રમ અને હાયર એજ્યુકેશનના વિદ્યાર્થીઓ હતા. તા. ૨૪-૮-૨૦૨૩ અને ૨૭-૮-૨૦૨૩ના રોજ પ્રેકટીસ એન્ડ ગ્રેડિંગ માટે બધા પ્લેયર્સને બોલાવી તેમની કુશળતા પ્રમાણે નીચે મુજબ ૬ ટીમ્સમાં વિભાજીત કરવામાં આવ્યા હતા.

૧. HLM Avengers કેપ્ટન - આશિષ ઠક્કર
૨. HLM Warriors કેપ્ટન - પ્રશાંત વિઠલાણી
૩. HLM Thunders કેપ્ટન - મનીષ વસંત
૪. HLM Panthers કેપ્ટન - જયેશ ઠક્કર
૫. HLM Brave Hearts કેપ્ટન - કેતન ઠક્કર
૬. HLM Gladiators કેપ્ટન - હિરેન વસાણી

દરેક ટીમ્સ એક બીજા સામે રાઉન્ડ રોબિન ધોરણે ૫ મેચ રમી અનેHLM Warriors, HLM Thunders, HLM Brave Hearts અને HLM Gladiators ટીમ્સ સેમિ ફાઈનલમાં પહોંચી હતી. સેમી ફાઈનલમાં HLM Warriors અને HLM Brave Hearts વિજયી થયી ફાઈનલમાં પહોંચી હતી અને રસાકસી ભરી ફાઈનલ પછી HLM Warriors નો વિજય થયો હતો. પોતાની આગવી રમત દ્વારા સૌને પ્રભાવિત કરી બાળાશ્રમ વિદ્યાર્થી પ્રિયાંશુ તન્નાએ 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' નો ખિતાબ જીત્યો હતો.

આપણા મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. સુરેશભાઈ પોપટ, ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા, સેક્રેટરી શ્રી નિખિલભાઈ સુબાએ હાજરી આપી પ્લેયર્સનો ઉત્સાહ વધાર્યો હતો. ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ ગણાત્રા, શ્રી વિનોદભાઈ શિંગાળા, શ્રીમતી મીનાબેન ઠક્કરે મેસેજ અને ફોન દ્વારા કાર્યક્રમની સફળતા માટે પોતાની શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત કારોબારીમાંથી શ્રી સુરેશભાઈ જીમુલીયા, શ્રી પ્રવીણભાઈ ઠક્કર અને શ્રી વિનોદભાઈ કોટકએ હાજર રહી પ્લેયર્સનો ઉત્સાહ વધાર્યો હતો. આ ટુર્નામેન્ટમાં પ્લેયર્સને ગ્રેડિંગ આપી ટીમ્સ બનાવવાની જવાબદારી સમિતિના સેક્રેટરી મનીષ વસંત, પ્રશાંત વિઠલાણી અને કેતન ઠક્કરે નિભાવી હતી. આ ઉપરાંત કાર્યક્રમને સફળ બનાવવામાં રમત ગમત સમિતિના વા. ચેરમેન દીપેશ ઠક્કર, ટ્રેઝરર ઉમેશભાઈ ઠક્કર, મિલન રૂઘાણી અને સમિતિના અન્ય સભ્યોનું યોગદાન રહ્યું હતું.

**ચેરમેન - ધર્મેશ પુજારા**




















## શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ
## કન્યા પૂજન તથા સમૂહ માતાજીના લોટા

**वन्दे वाञ्छितलाभाय चन्द्रार्धकृतशेखराम् ।**
**वृषारूढां शूलधरां शैलपुत्रीं यशस्विनीम् ।।**

નવલી નવરાત્રીનું આગમન થતાં માં અંબેની આરાધના કરતાં પ્રથમ નોરતે, શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈની સંચાલિત સમિતિઓ તેજસ્વીની, મહિલા ઉત્કર્ષ, સાંસ્કૃતિક, ચિલ્ડ્રન અને સિનિયર સિટીઝન સમિતિઓના સમન્વયથી તા. ૧૫-૧૦-૨૦૨૩ ના રવિવારે શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ, કાંદીવલી મધ્યે ૪૬ જોડી માતાજીના લોટા તેમજ ૧૫૧ કન્યાઓના પૂજનનું આયોજન કરવામાં આવ્યું. માતાજીના મંડપની સજાવટ તથા યજમાનો માટે પૂજા કરવાની વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી હતી. માતાજીના શૃંગાર હિતેશ મહારાજ, પ્રતીક મહારાજ તથા તેમના સાથીઓ દ્વારા કરવામાં આવ્યા હતા. શૃંગારથી શોભાયમાન માતાજીની પ્રત્યક્ષ હાજરી અનુભવાઈ રહી હતી અને તેમના તેજસ્વી કીરણો રૂપી આર્શિવાદ ચોમેર પ્રસરી રહ્યા હતા.

મહાજનના સેક્રેટરી શ્રી નિખિલભાઈ સુબાએ સર્વેને હાર્દિક આવકાર આપ્યો. ટ્રસ્ટી શ્રીમતી મીનાબેન ઠક્કરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને તેમના વક્તવ્યમાં માતાજીની અર્ચના તથા કન્યા પૂજનનું મહત્વ સમજાવતા શક્તિ એ આદ્યશક્તિનું પ્રતિબિંબ છે, શક્તિના સ્વરૂપો અનેક છે અને સંસારની સમગ્ર સૃષ્ટિની સ્ત્રીશક્તિ પૂજન કરવામાં આવે એમ જણાવ્યું હતું.

સર્વ શક્તિમાન માતાજીના જયઘોષ સાથે ભૂદેવશ્રી દ્વારા શાસ્ત્રોક્ત પધ્ધતિથી માતાજીનું પૂજન ભક્તિભાવ સાથે પૂર્ણ થયું હતું. સર્વ ભક્તોએ માતાજીની સમૂહમાં આરતીનો લ્હાવો લીધો હતો તથા પ્રગટાવેલ દીવડાઓથી પૂજા સ્થળ ઝળહળી મંગળમય બની ગયું હતું. રંગબેરંગી વસ્ત્રો ધારણ કરેલી કન્યાઓ તથા બહેનોએ માતાજીની સ્તુતિ કરતાં ગરબા ગાઈ, જાણે સાક્ષાત જોગણીઓ મહાજનને આંગણે ઉતરી આવી હોય તેવો સાક્ષાત્કાર થયો હતો.

મહાજનના ટ્રસ્ટી તેમજ માખેચા સ્કૂલના ચેરમેન શ્રી પિયુષભાઈ ગંઠા, મહાજનના મે. ટ્રસ્ટી ડૉ. શ્રી સુરેશભાઈ પોપટ, જો.મે. ટ્રસ્ટી શ્રી વિનોદભાઈ શિંગાળા, બાળાશ્રમના મે. ટ્રસ્ટી શ્રી મહેશભાઈ સામાણી, ટ્રસ્ટી શ્રી રાકેશભાઈ કાનાબાર, સેક્રેટરીઓ નિખિલભાઈ સુબા તથા શ્રી હેમેન્દ્રભાઈ મજીઠીયા પૂજનવિધિમાં ભાગ લઈ આયોજનમાં સાથ આપ્યો હતો. કારોબારીના સભ્યો તથા વિવિધ સમિતિના ચેરમેનો શ્રી ધર્મેશભાઈ તન્ના, ભાવેશભાઈ પલાણ, તરૂણભાઈ કાનાબાર, રસિકભાઈ લાખાણી, પ્રકાશભાઈ માખેચા, પ્રવીણભાઈ ગંડેચા, વિપુલભાઈ ખાખરીયા, વિનોદભાઈ કોટક તેમજ વિવિધ સમિતિના ચેરપર્સનો





ચંદ્રિકાબેન ચોટાઈ, નેહાબેન ઠક્કર, અનુબેન ઠક્કર, ભાવિબેન તકવાણી, ભારતીબેન ઠક્કર, શોભાબેન સુબા, જીજ્ઞાબેન કાપડીયા, એકતાબેન ઠક્કર વગેરેએ હાજર રહી પૂર્ણ સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમની પૂર્વ તૈયારી સરોજબેન પાબારી, જ્યોતિબેન લાખાણી, રંજનબેન પંચમતીયા, ચંદ્રાબેન રાયચુરા, ભાનુબેન પૌરાણા, દીપાબેન રાચ્છ, અન્ય કારોબારી સભ્યો તથા ચારૂબેન ઠક્કર, ભુપેન્દ્રભાઈ, અરવિંદભાઈ વગેરેનો સહકાર મળ્યો હતો.

કન્યા પૂજન બાદ સિધ્ધિ કેટરરના શ્રી સ્નેહલભાઈ કાપડીયા દ્વારા તૈયાર કરીલ સ્વાદિષ્ટ પ્રસાદનો સર્વેએ આસ્વાદ માણ્યો હતો. સાઉન્ડ તથા માઈકની વ્યવસ્થા શ્રી મુકેશભાઈ માધવાણીએ કરી હતી. સર્વે કન્યાઓને મહાજન દ્વારા અપાયેલ વિવિધ લહાણીઓથી પુરસ્કૃત કરવામાં આવી હતી. મહાજનશ્રીના આમંત્રણને માન આપી વેરાવળ મહાજનના પ્રમુખ શ્રી વિક્રમભાઈ તન્ના તથા તેમના ધર્મપત્નિ શ્રીમતી શોભાબેને હાજર રહી ઉત્સાહ વધાર્યો હતો. મહાજન આભારી છે ઉદારચીત દાતાઓનો કે જેમનો હંમેશા સહકાર મળતો રહે છે.

પ્રમુખ શ્રી સતિષભાઈ દત્તાણીના માર્ગદર્શન તથા શુભેચ્છાઓ સાથે સર્વ પદાધિકારીઓ, ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો તથા આમંત્રિત સભ્યોના સહકાર દ્વારા હર્ષોલ્લાસ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

**અહેવાલ – મીના ઠક્કર**







# કન્યા પૂજન (ડોનેશન)

| | | |
|---|---|---|
| ૧. | શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ | સ્કૂલ બેગ |
| ૨. | નીનાબેન સતિષભાઈ દત્તાણી પરિવાર | બેગ |
| ૩. | પારૂલબેન આર. નથવાણી | પેન્સીલ સેટ |
| ૪. | ભાવિકા ભાવેશ પાબારી | પાઉચ |
| ૫. | દિપાબેન પંડીત | હેરપીન |
| ૬. | નિર્મળાબેન કટારીયા | નેપકીન |
| ૭. | જાનવી દેવાણી | નેપકીન |
| ૮. | અમીબેન તથા પરિવાર | ટોવેલ |
| ૯. | અનુબેન ઠક્કર | ટોવેલ |
| ૧૦. | રંજનબેન | ચોકલેટ |
| ૧૧. | રજનીબેન પંચમતીયા | પર્ક કેડબરી ચોકલેટ |
| ૧૨. | સપના રૂપારેલ | બિસ્કુટસ |
| ૧૩. | સ્વ. રંજનબેન નરેશભાઈ ગણાત્રા | ૨૫૦૧ |
| ૧૪. | શારદાબેન ગંગારામ ગંઠા પિયુષભાઈ ગંઠા | ૨૧૧૧ |
| ૧૫. | મીનાબેન બી. જોબનપુત્રા | ૨૦૦૦ |
| ૧૬. | વિલાસબેન એસ. ઠક્કર | ૧૫૦૦ |
| ૧૭. | શોભાબેન તન્ના | ૧૧૧૧ |
| ૧૮. | રાકેશભાઈ કાનાબાર | ૧૧૦૧ |
| ૧૯. | પાર્થ કે. હિંડોચા | ૧૦૦૧ |
| ૨૦. | લતાબેન એલ. કાનાણી | ૧૦૦૧ |
| ૨૧. | પ્રીતીબેન એન. દત્તા | ૧૦૦૧ |
| ૨૨. | હંસાબેન પી. જોબનપુત્રા | ૧૧૦૦ |
| ૨૩. | પ્રજ્ઞા જગદીશ હિંડોચા | ૧૧૦૦ |
| ૨૪. | એક વૈષ્ણવ | ૭૫૦ |
| ૨૫. | પ્રકાશભાઈ મશરૂ | ૫૫૧ |
| ૨૬. | ધ્રુવી મશરૂ | ૫૫૧ |
| ૨૭. | એક વૈષ્ણવ | ૫૦૧ |
| ૨૮. | કિશોરીબેન રાજા | ૫૦૧ |
| ૨૯. | નિપાબેન રાચ્છ | ૫૦૧ |
| ૩૦. | જાગૃતિબેન પટેલીયા | ૫૦૧ |
| ૩૧. | એક વૈષ્ણવ | ૫૦૧ |
| ૩૨. | એક વૈષ્ણવ | ૫૦૧ |
| ૩૩. | જય જલારામ | ૫૦૧ |
| ૩૪. | કવિતાબેન એસ. રૂપારેલીયા | ૫૦૧ |
| ૩૫. | નિનાબેન કૃષ્ણકાંત કોટેચા | ૫૦૧ |
| ૩૬. | પંકજ ડી. ઠક્કર | ૫૦૧ |
| ૩૭. | યોગેશ પ્રભુદાસ કોટક | ૫૦૧ |
| ૩૮. | ભાવનાબેન પ્રકાશભાઈ માખેચા | ૫૦૧ |
| ૩૯. | મેહુલ મહેશ સાયાણી | ૫૦૧ |
| ૪૦. | શનવી ઠક્કર | ૫૦૧ |
| ૪૧. | કામિની રામાણી | ૫૦૧ |
| ૪૨. | હેમેન્દ્રભાઈ મજીઠીયા | ૫૦૧ |
| ૪૩. | ભાનુબેન પૌરાણા | ૫૦૦ |
| ૪૪. | રંજનબેન પંચમતીયા | ૫૦૦ |
| ૪૫. | જ્યોતિબેન લાખાણી | ૫૦૦ |
| ૪૬. | સુધીરભાઈ પી. કક્કડ | ૫૦૦ |
| ૪૭. | મુકેશભાઈ એન. તન્ના | ૫૦૦ |
| ૪૮. | મનસુખલાલ જી. કક્કડ | ૫૦૦ |
| ૪૯. | કિશોરભાઈ વિ. તન્ના | ૫૦૦ |
| ૫૦. | દીપાબેન રાચ્છ | ૫૦૦ |
| ૫૧. | વિશાલ નરેશ મોટાણી | ૫૦૦ |
| ૫૨. | નિશા સોમૈયા | ૫૦૦ |
| ૫૩. | ગીતાબેન ઠક્કર | ૨૫૧ |
| ૫૪. | જગદીશભાઈ ઠક્કર | ૨૫૧ |
| ૫૫. | જ્યોતિબેન પૂજારા | ૨૫૧ |
| ૫૬. | યોગીબેન ચંદારાણા | ૨૫૧ |
| ૫૭. | સોનાલીબેન ચંદારાણા | ૨૫૧ |
| ૫૮. | વૈશાલીબેન સચદે | ૨૫૧ |
| ૫૯. | હંસાબેન મજીઠીયા | ૨૫૧ |
| ૬૦. | નિમિષભાઈ ઠક્કર | ૨૫૧ |
| ૬૧. | સિદ્ધિબેન ઠક્કર | ૨૫૧ |
| ૬૨. | હિના હરેશભાઈ કોઠારી | ૨૫૦ |
| ૬૩. | જ્યોતિબેન ગંગદેવ | ૨૦૧ |

# મહિલા ઉત્કર્ષ સમિતિ



ઉપરોક્ત સમિતિ દ્વારા તા. ૧૯-૮-૨૦૨૩ને શનિવારે બપોરે ૩ થી ૭.૩૦ દરમ્યાન કાર્યક્રમ બોલીવુડ થિમ કાંદિવલી બાળાશ્રમમાં છઠ્ઠે માળે આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં ચેરપર્સન કુસુમબેન રૂપારેલે મહાનુભાવો તથા પ્રેક્ષકોનું હાર્દિક સ્વાગત કરેલ હતું.

ત્યારબાદ આપણા એંકર ચારૂબેન સોનીએ એંકરીંગની શરૂઆત કરી હતી. એ પછી આપણી બહેનોએ પરફોમન્સમાં વંદેમાતરમના નૃત્યની શરૂઆત કરી હતી.

કાર્યક્રમની શોભા વધારવા આપણા ટ્રસ્ટીગણ તથા ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ ગણાત્રા, મે.ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ પોપટ, જો. મે.ટ્રસ્ટી શ્રી વિનોદભાઈ શિંગાળા, બાળાશ્રમના મે.ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા, રાકેશભાઈ કાનાબાર, શ્રીમતી મીનાબેન ઠક્કર, શ્રીમતી પ્રજ્ઞાબેન મોરઝરીયા અને માનદ્ મંત્રી શ્રી નિખિલભાઈ સુબા અને હેમેન્દ્રભાઈ મજીઠિયાએ હાજરી આપી હતી.

પ્રોગ્રામના જજીસ માટે રીયાલીટી શૉ ના કોરીયોગ્રાફર શીલ્પાબેન ગણાત્રાને બોલાવ્યા હતા.

બધા પાર્ટીસીપન્ટને પ્રાઈઝીસ આપવામાં આવ્યા. સાથે ૧ લું, ૨ જું અને ૩ જું તથા કોન્સોલેશન પ્રાઈઝીસ આપવામાં આવ્યા હતા.

શિલ્પાબેન અને પારૂલબેનને મોંમેન્ટો આપીને સન્માન કરેલ હતું.

કાર્યક્રમ પુરો થયા બાદ સર્વે સભ્યો અલ્પાહાર લઈ આનંદ સાથે છુટા પડયા હતા. કાર્યક્રમ સફળ બનાવવા માટે સમિતિના સર્વે કમિટિ મેમ્બરોને એ સાથ આપ્યો હતો. મનિષાબેન પોપટ, શીતલબેન મોરઝરીયા, ચંદ્રિકાબેન ચોટાઈ, અરૂણાબેન માવાણી, જીજ્ઞાબેન કાપડિયા, પારુલબેન, ઉર્વશીબેન પોંદા, મંજુબેન માણેક, વિણાબેન ઠક્કર, ફાલ્ગુનીબેન કોટેચા, દક્ષાબેન, કારોબારી સભ્યો ભારતીબેન ઠક્કર, ભારતીબેન પારપાણી, રીટાબેન રાજા, ઈંદિરાબેન બદિયાણી, નંદાબેન ઠક્કર, બીનાબેન વિઠલાણી, રસીકભાઈ લાખાણી અને જ્યોતિબેન લાખાણી અને ઉષાબેન સામાણી હતા.

## આગામી કાર્યક્રમ

### 'વન મિનિટ ગેમ શો'

તા. ૧૬.૧૨.૨૦૨૩ને શનિવારે, સાંજે ૪ થી ૬ મુંબઈ મહાજનવાડી, સી.પી. ટેન્ક મધ્યે રાખેલ છે. એન્ટ્રી ફી રૂા. ૫૦/- યમી યમી નાસ્તા સાથે રાખેલ છે. નામ લખવાની છેલ્લી તા. ૧૧.૧૨.૨૦૨૩ રાખેલ છે.

**સંપર્ક**

| | |
|---|---|
| **ચેરપર્સન-કુસુમનબેન રૂપારેલ** | **૭૩૮૫૪૭૦૦૯૮** |
| **ચેરસર્પન-કલ્પનાબેન નથવાણી** | **૭૯૭૭૨૬૪૩૦૭** |
| **વા. ચેરપર્સન-એકતા ઠક્કર** | **૯૬૯૯૪૬૮૬૧૨** |
| **વા. ચેરસર્પન-વર્ષા લાખાણી** | **૭૦૪૫૫૧૨૦૨૫** |
| **બાળાશ્રમ** | **૦૨૨-૨૮૬૫૦૭૮૧** |
| **મુંબઈ મહાજનવાડી** | **૦૨૨-૨૩૮૨૪૨૧૫** |

**ચેરપર્સન : કુસુમબેન રૂપારેલ**
**ચેપરર્સન : કલ્પનાબેન નથવાણી**
**વા.ચેરપર્સન : વર્ષાબેન લાખાણી**



# શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ ટ્રસ્ટ - કાંદિવલી

**તાજેતરમાં નીચે મુજબ જ્ઞાતિબંધુઓ તરફથી સંસ્થાને સહાયક બનવાની વિવિધ યોજનામાં વિદ્યાદાનમાં જ્ઞાન રૂપી ગંગાને આગળ ધપાવવા સહકાર મળેલ છે. જેનો સંસ્થાના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યો હાર્દિક આભાર માને છે.**

૧. રૂા. ૯૬,૮૦૦/- બેન ગીતાબેન ભરતભાઈ તરફથી સંસ્થાની વિવિધ યોજનામાં આઠ દિવસ સૂચવેલ દિવસે સંસ્થાના બાળકોને એક ટાઈમ મિષ્ટાન ભોજન આપવા માટે ભેટ આવેલ.

૨) રૂા. ૮૦,૧૦૦/- ભૂતપૂર્વ વિદ્યાર્થી અખીલ હરેશભાઈ ઠકરાર તરફથી રૂા. ૨૫,૦૦૦/- લેખે ત્રણ વિદ્યાર્થીના ‘વાર્ષિક છાત્ર નિભાવ’ તેમજ સૂચવેલ દિવસે એક ટાઈમ ‘સ્પેશીયલ નાસ્તો’ આપવા માટે રૂા. ૫,૧૦૦/- ભેટ આવેલ.

૩) રૂા. ૫૧,૦૦૦/- શ્રી હાલાઈ લોહાણા મહાજન-વેરાવળ તરફથી બાળકોના ‘શિક્ષણ સહાય’ માં ભેટ આવેલ.

૪) રૂા. ૩૪,૦૨૦/- શ્રી હિતેનભાઈ છોટાલાલ સેજપાલ (લંડન) તરફથી તા. ૧૨-૯-૨૦૨૩ના રોજ અધિક શ્રાવણ માસના અગિયારસનાં શુભ દિવસે સવારે નાસ્તો, બપોરે મિષ્ટાન ભોજન તથા રાત્રે આઈસ્ક્રીમ આપવામાં આવેલ તથા ગણેશ ચતુર્થીના દિવસે મિષ્ટાન ભોજન આપેલ.

૫) રૂા. ૨૦,૦૦૦/- બેન જયનીશાબેન હરેશભાઈ મુલીયા તરફથી શ્રી હાલાઈ લોહાણા મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડૉ. સુરેશભાઈ પોપટ હસ્તે બાળકોના ‘શિક્ષણ સહાય’ માં ભેટ આવેલ.

૬) રૂા. ૧૨,૧૦૦/- બેન અવનીબેન વજાણી તરફથી તા. ૧૯-૮-૨૦૨૩ના રોજ રાત્રે એક ટાઈમ બાળકોને ફાસ્ટ ફુડ તથા મિઠાઈ આપવામાં આવેલ.

૭) રૂા. ૧૧,૧૧૧/- શ્રી કિરીટભાઈ ડાયાલાલ મોરઝરીયા તથા પરિવાર તરફથી તા. ૬.૧૦.૨૦૨૩ના રોજ એક ટાઈમ સાદુ ભોજન તથા ફરસાણ આપવામાં આવેલ.

૮) રૂા. ૫,૧૦૦/- શ્રી ઉદયભાઈ વિનોદચંદ્ર ઠક્કર તરફથી તા. ૧૪.૧૦.૨૦૨૩ના રોજ એક ટાઈમ ‘સ્પેશીયલ નાસ્તો’ આપવામાં આવેલ.

૯) રૂા. ૩,૧૦૧/- બેન નયનાબેન સુરેશભાઈ ઉનડકટ તરફથી હસ્તે શ્રી મુકેશભાઈ ગણાત્રા દ્વારા તા. ૧૫-૮-૨૦૨૩ના રોજ બાળકોને એક ટાઈમ નાસ્તો આપવા માટે ભેટ આવેલ.

૧૦) રૂા. ૩,૧૦૦/- બેન ભારતીબેન દિનેશભાઈ બદીયાણી (લંડન) તરફથી હસ્તે શ્રી મુકેશભાઈ ગણાત્રા દ્વારા તા. ૧૫-૮-૨૦૨૩ના રોજ એક ટાઈમ નાસ્તો આપવા માટે ભેટ આવેલ.

૧૧) રૂા. ૩,૧૦૦/- શ્રી કશ્યપભાઈ હિતેનભાઈ કોટેચા તરફથી તા. ૬-૯-૨૦૨૩ના રોજ એક ટાઈમ નાસ્તો આપવામાં આવેલ.

૧૨) રૂા. ૩,૧૦૦/- શ્રી કિરીટભાઈ રતીલાલ રાજા તરફથી તા. ૨૮.૯.૨૦૩ના રોજ અનંત ચૌદસના શુભ દિને રવિ રાજાની યાદગીરી રૂપે એક ટાઈમ નાસ્તો આપવામાં આવેલ.

૧૩) રૂા. ૧,૫૦૦/- શ્રીમતી લીનાબેન ભાયાણી તરફથી ખુશીભેટ આવેલ.

૧૪) રૂા. ૧,૧૦૧/- એક વૈષ્ણવ તરફથી ખુશી ભેટ હસ્તે શ્રી વિશાલભાઈ દ્વારા આવેલ.

૧૫) રૂા. ૧૧૦૦/- શ્રી દેવજીભાઈ જીવરાજ સેજપાલ તથા શ્રી દિલીપભાઈ રવજી સેજપાલ તરફથી ખુશી ભેટ આવેલ.

૧૬) રૂા. ૫૦૦/- શ્રી વિપુલભાઈ દેવાણી તરફથી ખુશીભેટ આવેલ.

D એક વૈષ્ણવ - જય જલારામ તરફથી દરેક બાળકોને બોલપેન ભેટ આપવામાં આવેલ.

D ભૂતપૂર્વ વિદ્યાર્થી તરફથી ક્રિકેટ રમવા માટે ત્રણ બેટ ભેટ આવેલ.

શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈના કેળવણી સમિતિ દ્વારા યોજાયેલા તા. ૧.૧૦.૨૦૨૩ના રોજ 'સરસ્વતી સન્માન સમારંભ' માં આપણી સંસ્થા 'શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ ટ્રસ્ટ-કાંદિવલી' નાં ટોટલ ૨૫ વિદ્યાર્થીઓને ગીફ્ટ તથા સર્ટીફીકેટ મળેલ છે. તેમજ ધો. ૧૦ માં ૯૨.૪૦ % માર્કસ મેળવનાર વિદ્યાથી સોઢા આશિષભાઈ સાધનાબેન ધનજીભાઈ (બિલખા) ને સુંદર ટ્રોફી તથા સર્ટીફીકેટ મળેલ છે.

| Sr.No. | Std. | Med. | Name of Student | Parcent | City | Mother Name |
|---|---|---|---|---|---|---|
| 1. | 5 | Eng. | Popat Jay Hirenbhai | 81.33 % | Morbi | Aamarpalli |
| 2. | 6 | Eng. | Nathwani Vraj Kiritbhai | 89.33 % | Vadodra | Kirtiben |
| 3. | 6 | Guj. | Tanna Dhruvil Shaileshbhai | 80.00 % | Junagadh | Bhoomiben |
| 4 | 6 | Eng. | Devda Darshan Nimeshbhai | 75.50 % | Malad | Sunitaben |
| 5. | 7 | Eng. | Rupareliya Neel Rajeshbhai | 91.83 % | Keshod | Rekhaben |
| 6. | 7 | Eng. | Gandhecha Om Sachinbhai | 88.67 % | Jamnagar | Malaben |
| 7. | 7 | Eng. | Kanabar Eric Nareshbhai | 84.83 % | Talala | Rekhaben |
| 8. | 7 | Eng. | Thakkar Mohit Hiteshbhai | 83.33 % | Pune | Meenaben |
| 9. | 7 | Guj. | Gadhia Chintan Jitendrabhai | 83.33 % | Rajkot | Mayuriben |
| 10. | 7 | Eng. | Samani Het Kamleshbhai | 78.83 % | Khambhaliya | Jignaben |
| 11. | 8 | Eng. | Rupareliya Pranz Kanaiyalal | 86.50 % | Rajkot | Bhavikaben |
| 12. | 8 | Eng. | Khoda Divakar Prakashbhai | 85.50 % | Veraval | Meghaben |
| 13. | 8 | Eng. | Pateliya Param Sunilbhai | 78.50 % | Veraval | Alpaben |
| 14. | 8 | Eng. | Abhani Naman Bhaveshbhai | 79.17 % | Junagadh | Meenaben |
| 15. | 8 | Eng. | Thakkar Ayush Anilbhai | 76.83 % | Nashik | Neetaben |
| 16. | 8 | Eng. | Thakkar Hiren Hiteshbhai | 76.00 % | Pune | Meenaben |
| 17. | 9 | Guj. | Abhani Joy Mukehsbhai | 78.67 % | Surat | Parulben |
| 18. | 10 | Guj. | Sodha Ashish Dhanajibhai | 91.40 % | Bilkha | Sadhanaben |
| 19. | 10 | Guj. | Kanabar Ishant Narendrabhai | 89.20 % | Surat | Varshaben |
| 20. | 10 | Eng. | Mirani Deepit Vijaybhai | 88.60 % | Odisha | Pritiben |
| 21. | 10 | Eng. | Nathwani Dhruv Kiritbhai | 86.60 % | Vadodra | Kirtiben |
| 22. | 10 | Guj. | Bhayani Shivam Manojbhai | 85.80 % | Bhyavader | Sandhyaben |
| 23. | 10 | Eng. | Suchak Jayom Manojbhai | 81.80 % | Rajkot | Nishaben |
| 24. | 10 | Guj. | Sodha Abhi Jatinbhai | 76.00 % | Junagadh | Hiralben |
| 25. | 10 | Eng. | Nathwani Kartik Rajeshbhai | 75.20 % | Surat | Chaitaliben |

# પદ્મશ્રી જશવંતીબેન જમનાદાસ પોપટ




૭.૭.૧૯૩૦ થી ૧૮.૯.૨૦૨૩

**(લીજ્જત પાપડના સહ સ્થાપક)**

પદ્મશ્રી જશવંતીબેન સાથે અન્ય ૭ બહેનોએ મળી ૧૯૫૫માં લીજ્જત પાપડનો પાયો નાખેલ હતો અને મહિલાઓ દ્વારા મહિલાઓ માટે ગૃહ ઉદ્યોગની શરૂઆત કરી સ્વરોજગારનો પાયો નાખી ફક્ત મુંબઈમાં જ નહી બલ્કે સંપૂર્ણ ભારતમાં લાખો મહિલાઓને ગૃહ ઉદ્યોગ દ્વારા રોજગારી પુરી પાડી શ્રી હાલાઈ લોહાણા સમાજનું ગૌરવ વધારેલ હતું. જેમના માટે ભારત સરકાર દ્વારા તેમનું પદ્મશ્રી એવોર્ડથી સન્માન કરવામાં આવેલ હતું. ૯૩ વર્ષની ઉંમરે આખર સુધી સમાજની સેવા કરનાર પદ્મશ્રી જશવંતીબેનના દુઃખદ અવસાનથી આપણા સમાજને બહુ મોટી ખોટ પડેલ છે.

**શ્રી હાલાઈ લોહાણા મહાજનના પદાધિકારીઓ, સમસ્ત ટ્રસ્ટીગણ,**
**કારોબારી સભ્યો તરફથી આદરપૂર્વક શ્રધ્ધાંજલી**

# આપણી સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ઉજવાયેલ પ્રસંગો

## રક્ષાબંધન

આપણી સંસ્થામાં ધો. ૫ થી ધો. ૧૨ના વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ મેળવે છે. જેની ટોટલ સંખ્યા હાલ ૧૧૭ છે. આ વિદ્યાર્થીઓ મોટાભાગના અંદાજે ૯૦ ટકા વિદ્યાર્થીઓ બહારગામના હોય છે. રક્ષાબંધન નો ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર વિદ્યાર્થીઓને પોતાની ઘરની યાદ અપાવે છે. આ દિવસે દરેક ભાઈ પોતાની બહેન પાસે સુંદર રાખડી બંધાવી બહેનની રક્ષા કરવાનો પ્રતિજ્ઞા કરી બહેન પાસે આશિર્વાદ મેળવતા હોય છે.

આ રક્ષાબંધનનો પવિત્ર તહેવારમાં સંસ્થાના બાળકો એક દિવસની રજામાં પોતાના ઘરે જઈ શકતા નથી તેથી સંસ્થાના સંચાલકોએ ઘણા વર્ષોથી આ તહેવારમાં વિદ્યાર્થીઓના હાથ રાખડી વગર ખાલી ના રહે તે માટે સંસ્થામાં બધા વિદ્યાર્થીઓને રક્ષાબંધનના આગલા દિવસે જ્ઞાતિની બહેનો અથવા ટયુશન ટીચરો દ્વારા તા. ૨૯-૮-૨૦૨૩ના રોજ સાંજે સંસ્થાની બિલ્ડીંગમાં ત્રીજે માળે આવેલ પ્રાર્થના હોલમાં બધા વિદ્યાર્થીઓને, બહેનો (ટયુશન ટીચર) દ્વારા રાખડી બાંધવામાં આવેલ અને મીઠું મોઢું કરાવેલ.

આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેશભાઈ સામાણી, શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડૉ. સુરેશભાઈ પોપટ અન્ય ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી રાજેશભાઈ ગણાત્રા, મહાજન સેક્રેટરી શ્રી નિખિલભાઈ સુબા, સંસ્થાના ગૃહપતિ શ્રી રાજુભાઈ દાવડા, ગૃહમાતા શ્રીમતી સ્મિતાબેન દત્તા, ગૃહમાતા બેન ઉમાબેન શાહ, ટયુશન ટીચરો : ચારુબેન, મનિષાબેન, જીજ્ઞાબેન, વૈભવીબેન તથા મીરાબેન હાજર રહ્યા હતાં.

ત્યારબાદ હાજર રહેલા ટયુશન ટીચરો તથા સ્ટાફ બહેનોએ આજના પ્રસંગનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને આર્શિવાદ આપેલ. આ રીતે રક્ષાબંધન નો પવિત્ર દિવસ ઉજવવામાં આવેલ.

## શિક્ષક દિન

તા. ૫ સપ્ટેમ્બર એટલે ડૉ. રાધાકૃષ્ણનો જન્મદિન. આ દિવસે શાળામાં 'શિક્ષક દિન' મનાવવામાં આવે છે. આપણી સંસ્થાના બાળકોએ આ દિવસે ધો. ૧૦ ના વિદ્યાર્થીઓએ ધો. ૫ થી ધો. ૯ ના બાળકોને પોતાના દ્વારા તૈયાર કરેલ વિવિધ વિષયોનું માર્ગદર્શન સુંદર રીતે રજુ કરેલ. ટીચર બનેલ વિદ્યાર્થીઓએ અનુભવ્યું કે ટીચરો કલાસમાં જે રીતે માર્ગદર્શન આપે છે તેની તૈયારી કેવી રીતે કરાય તેનું વિશેષ જ્ઞાન મેળવેલ.

આજના 'શિક્ષક દિન' ના શુભ દિવસે ટયુશન ટીચરો દ્વારા આજના દિવસનું મહત્વ સમજાવેલ અને આર્શિવાદ આપેલ. વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ વિવિધ કાર્ડ, ટીચરોનું પૂજન કરી આપેલ અને ટીચરો પ્રત્યે ખૂબ જ લાગણી દર્શાવેલ.





આજના દિવસે ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ જેઓ ટીચર બનેલા તેઓએ પોતાના અભિપ્રાય મેળવેલ તે વિશે વિદ્યાર્થીઓને જણાવેલ.

આપણે સૌ જાણીએ છીએ કે 'ગુરૂ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વર' એટલે ગુરુ (શિક્ષક) ને આપણા દેવોની સાથે સમાન સરખાવીએ છીએ. જેઓ દ્વારા વિદ્યાર્થીઓને સાચુ માર્ગદર્શન મળે છે તેથી વિદ્યાર્થી પોતાના લક્ષ્ય સુધી પહોંચી પોતાનું, પોતાના માતા-પિતા, ગુરૂ તેમજ સંસ્થાનું નામ રોશન કરે છે અને વિદ્યાર્થી પોતાનું જીવન ધન્ય બનાવે છે.

આજના દિને શિક્ષક બનેલ વિદ્યાર્થીઓને ટ્યુશન ટીચરો દ્વારા આપવામાં આવેલ રેન્ક નીચે મુજબછે.

(૧) **પ્રથમ ક્રમાંકે :** જોય અભાણી તથા ધ્રુવ સાગર

(૨) **બીજા ક્રમાંકે :** મીત રૂપારેલીયા

(૩) **ત્રીજા ક્રમાંકે :** નિલ રતનધાયરા તથા પ્રિન્સ ગઢીયા

## ગ્રીટીંગ કાર્ડ કોમ્પીટીશન

(૧) **પ્રથમ :** પરમ પટેલીયા (ધો. ૯), તરંગ ધનેશા (ધો. ૯)

(૨) **દ્વિતીય :** વ્રજ નથવાણી (ધો. ૭), પ્રાંઝ રૂપારેલ (ધો. ૯)

(૩) **તૃતીય :** જય કારીયા (ધો. ૬), જેનીસ કારીયા (ધો. ૭)

**પ્રોત્સાહન માર્કસ :** મયંક દાવડા (ધો. ૮), આયુષ ભગદેવ (ધો.૮), કવિશ કેસરીયા (ધો. ૭), દર્શ દેવાણી (ધો. ૬), મોહીત ઠક્કર (ધો. ૮)

## શ્રી ગણેશ ઉત્સવ

આપણી સંસ્થામાં ઘણા વર્ષોથી 'શ્રી ગણેશ ઉત્સવ' મનાવવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૧૯-૯-૨૦૨૩ ના રોજ સંસ્થાની બિલ્ડીંગમાં ત્રીજે માળે આવેલ પ્રાર્થના હોલમાં શ્રી ગણેશજીની ભવ્ય મૂર્તિનું સ્થાપન કરવામાં આવેલ. જે માટે મંડપ ડેકોરેટશન સુંદર રીતે હાયર એજ્યુકેશનના વિદ્યાર્થીઓએ દિવસ-રાત મહેનત કરી ખૂબ જ સારી રીતે કરેલ. સવાર-સાંજ બંન્ને ટાઈમ આરતી વખતે વિદ્યાર્થીઓએ આરતી, ભજન તથા પૂજન કરેલ. સંસ્થામાં પાંચ દિવસ ગણપતિનું સ્થાપન કરવામાં આવે છે. સંસ્થાના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, આમંત્રીતો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ દર્શનનો લાભ લીધેલ. પ્રતિવર્ષ મુજબ શ્રી ગણેશજીની મૂર્તિ ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ભરતભાઈ છગનલલાલ પટેલીયા પરિવાર તરફથી વ્યવસ્થા કરવામાં આવેલ છે. ગૌરી વિસર્જનના દિવસે સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ઢોલીની સંગાથે નાચતા-ગાતા શ્રી ગણપતિબાપાની વિદાય ધૂમધામથી કરવામાં આવેલ.

આ રીતે સંસ્થાના વિદ્યાર્થીઓમાં ધાર્મિક પ્રવૃત્તિ વિકસે તે હેતુથી આ ઉત્સવ ઉત્સાહભેર ઉજવવામાં આવે છે.




જ્ઞાતિ ગૌરવ

**દાવડા પરિવારના અભિનંદન**



**સલોની દાવડા**

**C.A. ફાઈનલ પાસ**

માતા : દક્ષાબેન અજયકુમાર દાવડા

પિતા : સ્વ.અજયકુમાર ગોપાલદાસ દાવડા નાલાસોપારા

અદા : રાજુભાઈ ગોપાલદાસ દાવડા

(ગૃહપતિ શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ-કાંદિવલી)

તથા દાવડા પરિવાર

# સંસ્થા સમાચાર

## શ્રી કાંદિવલી લોહાણા પરિવાર

શ્રી કાંદિવલી લોહાણા પરિવાર દ્વારા ત્રીદિવસીય જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૪-૮-૨૦૨૩ થી ૬-૮-૨૦૨૩ દરમ્યાન શ્રી કાંદિવલી હાલાઈ લોહાણા મિત્ર મંડળ ટ્રસ્ટના સહયોગ સાથે કાંદિવલી મહાજનવાડી મધ્યે કરવામાં આવેલ હતું. વક્તા શ્રીમતી મીનાબેન જોષીએ પોતાની મધુરવાણીમાં શ્રીમદ્ ભાગવત રસાસ્વાદનું પાન કરાવેલ. પરિવાર પ્રમુખ શ્રી સતિષભાઈ દત્તાણી, ઉપપ્રમુખ શ્રી જી.કે. દાવડા અને મહિલા અધ્યક્ષા શ્રીમતી નિર્મળાબેન સાયાણીના સુંદર માર્ગદર્શન મુજબ કરવામાં આવેલ. આયોજનમાં શ્રી કાંદિવલી હાલાઈ લોહાણા મિત્ર મંડળ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. દિલિપભાઈ રાયચુરા, ટ્રસ્ટી શ્રી વિપુલભાઈ જટણીયા, કિશોરભાઈ ઠકરાર, શ્રી વિનોદભાઈ શિંગાળા, શ્રી પ્રકાશભાઈ ઠક્કર, શ્રી નટુભાઈ મામતોરા, શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈના માનદ્ મંત્રી શ્રી નિખિલભાઈ સુબા, કારોબારી સભ્ય શ્રી મહેન્દ્રભાઈ અભાણી, શ્રી ભાવેશભાઈ પલાણ, શ્રી તરૂણભાઈ કાનાબાર, શ્રી નેહાબેન ઠક્કર તેમજ અન્ય મહાનુભાવોએ હાજર રહી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધારેલ હતો. પરિવારના દરેક કાર્યકર્તા ભાઈ-બહેનોના સાથ-સહકારથી કાર્યક્રમને ખૂબ જ સફળતા મળેલ હતી.

રવિવાર તા. ૩-૯-૨૦૨૩ના રોજ યોજાયેલ બોળચોથનો કાર્યક્રમ પણ આનંદપૂર્વક ઉજવવામાં આવેલ હતો.

સોમવાર તા. ૧૧-૯-૨૦૨૩ના રોજ રૂદ્રાભિષેકનો કાર્યક્રમ પણ સરસ રીતે સંપન્ન થયેલ.

રવિવાર તા. ૦૮-૧૦-૨૦૨૩ના રોજ નવરાત્ર મહોત્વસનું આયોજન કરવામાં આવેલ હતું. લગભગ ૩૦૦ જેટલા જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

ઉપરોક્ત દરેક કાર્યક્રમો શ્રી કાંદિવલી હાલાઈ લોહાણા મિત્ર મંડળ ટ્રસ્ટના સહયોગ સાથે કાંદિવલી લોહાણા મહાજનવાડીમાં આયોજીત કરવામાં આવેલ હતા.

### : આગામી કાર્યક્રમો :

૨૪.૧૦.૨૦૨૩, મંગળવાર, દશેરા, કન્યાપૂજન કાર્યક્રમ

૨૯.૧૦.૨૦૨૩, રવિવાર, સરસ્વતિ સન્માન સમારંભનું આયોજન કાંદિવલી લોહાણા મહાજનવાડીમાં રાખેલ છે.

દિવાળીના શુભ તહેવારો આવતા હોવાથી સારી કંપનીના ફરસાણ અને મિષ્ટાનનું બુકિંગ કરી વિતરણ કરવામાં આવશે. તા. ૩૦.૧૦.૨૦૨૩ થી તા. ૪.૧૧.૨૦૨૩ દરમ્યાન પરિવાર કાર્યાલયમાં બુકિંગ કરવામાં આવશે. તા. ૮.૧૧.૨૦૨૩ના રોજ વિતરણ કરવામાં આવશે.

### : કાર્યક્રમો માટે સંપર્ક કરવો :

શ્રી કેદારેશ્વર હોલ, શંકર મંદિર પાસે, એસ.વી.રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭
સોમ-બુધ-શુક્ર. સમય : ૫ થી ૭ દરમ્યાન
મોબાઈલ : ૯૮૨૮૧૮૬૭૧૫

### : વિશેષ માહિતી માટે સંપર્ક :

| | | |
|---|---|---|
| નિર્મળાબેન સાયાણી | - | ૯૯૨૦૨૦૨૧૨૯ |
| ધનસુખભાઈ મશરૂ | - | ૯૮૧૯૧૧૨૯૦૧ |
| હર્ષાબેન વાઘાણી | - | ૯૮૨૦૮૮૯૬૯૨ |
| નવિનભાઈ ઠક્કર | - | ૯૨૨૪૪૧૧૫૪૮ |

લિ. ધનસુખ જમનદાસ મશરૂ - માનદ્ મંત્રી

## શ્રી જલારામ સત્સંગ મંડળ કુર્લા

ઉપરોક્ત મંડળ દ્વારા સંચાલિત શ્રી જલારામબાપાના મંદિર તરફથી જરૂરીયાતમંદ ૧૫૦

જેટલા પરિવારોને દર મહિનાના પહેલા રવિવારે કાચુ અનાજ વિતરણ કરવામાં આવે છે. તેમજ મહિનાના પહેલા રવિવારે ડાયાલીસીસના દર્દીઓને સહાયતા આપવામાં આવે છે. દરરોજ સાંજના ૭.૩૦ વાગે લગભગ ૧૫૦ જણાને જમાડવાની સેવા પણ નિયમીત કરવામાં આવે છે. સેવાકીય પ્રવૃત્તીઓને વધુ કરી શકાય તે માટે સખી દાતાઓને સહયોગ આપવા સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી.

તા. ૧૯-૧૧-૨૦૨૩ના રોજ રવિવારે શ્રી જલારામ જયંતી ઉત્સવ પણ ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે. તો બાપાના દર્શન તેમજ મહાપ્રસાદનો લાભ જરૂરથી લેશો. કોઈપણ પ્રકારની સેવા લખાવવાની હોય તો નીચે જણાવેલ નંબરો પર જરૂરથી સંપર્ક કરશો.

ધનસુખભાઈ મશરૂ - ૯૮૧૯૧૧૨૯૦૧
શ્રી જલારામ મંદિર, કુરલા - ૮૧૦૪૭૬૨૬૬૨

**લિ. જલારામ સત્સંગ મંડળ, કુરલા**

## સૌરાષ્ટ્ર મિત્ર મંડળ

અમારી ઉપરોક્ત સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ સભા રવિવાર તા. ૧૦.૧૨.૨૦૨૩ ના રોજ બપોરના ૪ વાગ્યાથી આયોજિત છે. સાથે સંસ્થાના મહિલા વિભાગ દ્વારા ઠાકોરજીના મનોરથનું આયોજન છે. સર્વે સભાસદો સમયસર હાજર રહેશો.

**લી. કમલેશ આર. રૂપારેલ - નરેન્દ્ર સી. તન્ના**
**માનદ્ મંત્રી**

## શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન ટ્રસ્ટ, થાણે

ઉપરોક્ત મહાજન દ્વારા યોજાઈ ગયેલ શ્રી સત્યનારાયણ ભગવાનની મહાપૂજા તેમજ સભાગૃહનાં નામકરણનો સમારંભ.

હિન્દુ શાસ્ત્રની માન્યતા અનુસાર કોઈપણ નવા કાર્યની શરૂઆત કરતાં પહેલા શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજા કરવાની પ્રથા છે. આ પ્રથાને જાળવી રાખી શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજનનાં ટ્રસ્ટ મંડળે હાલમાં જ આધુનિક પદ્ધિતિથી શુશોભિત કરવામાં આવેલ સભાગૃહમાં મંગળવારે તા. ૨૦.૬.૨૦૨૩ના રોજ શ્રી સત્યનારાયણ ભગવાનની મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ. આમંત્રણ મોકલેલ મુંબઈના સર્વે લોહાણા મહાજનો તેમજ શ્રી લોહાણા સમાજ સેવા સંગઠન કોંકણ વિભાગના ઘણાં ખરા મહાજનના પ્રતિનિધીઓએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારેલ હતી. થાણાનાં આમદાર, ખાસદાર, નગરસેવકો, માજીપહાપૌર વગેરે મહેમાનોએ પણ હાજર રહી શ્રી સત્યનારાયણ ભગવાનની પુજાનાં દર્શન લઈ કાર્યક્રમને માણ્યો હતો. મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી એકનાથજી શિંદે સાહેબે પણ મહાજનનાં આમંત્રણને માન આપી હાજર રહી મહાજનનું ગૌરવ વધારેલ હતું. મહાજનનાં પ્રમુખ શ્રી મહેશભાઈ ઠક્કરે તેમને શાલ, શ્રીફળ, પુષ્પગુચ્છ તેમજ ગુજરાતી પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવેલ. મહાજનનાં ઉપપ્રમુખ શ્રી રાકેશભાઈ ઠક્કર, ટ્રસ્ટીઓ શ્રી પ્રશાંતભાઈ દાવડા, શ્રી દિપકભાઈ ઠક્કર તેમજ શ્રી રસિકભાઈ નથવાણીએ પણ સન્માન કરેલ. શ્રી એકનાથજી સિંદે સાહેબે શુશોભિકરણ કરેલ હોલ બદલ ટ્રસ્ટ મંડળ તેમજ લોહાણા જ્ઞાતિને શુભેચ્છા આપી સભાગૃહનું 'રઘુવંશી હોલ' નું નામકરણ કરી સદર હોલ સમાજને માટે તેમજ જનતાને વધુને વધુ ઉપયોગી થાય એવી શુભેચ્છા વ્યક્ત કરેલ.

**લિ. લક્ષ્મીદાસ ર. ગોકાણી**



ચિ. આવ્યુષ
હર્ષિલ જીવરાજાણી
10th 98.40 %

### સુધારો

ગત અંકમાં નિચે છપાયેલ ફોટાના નામમાં પિતાશ્રીનું નામ આવ્યુષ હર્ષિલ જીવરાજાણી વાચવું. શરતચૂકથી આયુષ હરીષ જીવરાજાણી છપાઈ ગયું છે.

|| શ્રી ગણેશાય નમઃ ||     || શ્રીનાથજી બાવા પ્રસન્ન ||

વધાઈ ! વધાઈ !! વધાઈ !!!

# શ્રી હાલાઈ લોહાણા મહાજન - મુંબઈ

## આયોજીત

લોહાણા જ્ઞાતીજનો માટે

# શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ પારાયણ

પુરૂષોત્તમ માસનું મહાત્મય, ભક્તિ, સેવા અને વૈષ્ણવ નું કર્તવ્ય

આ અમૃતમય શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞના આચાર્યસ્થાને

શ્રી વૈષ્ણવાચાર્ય વલ્લભ કુલભૂષણ

**પૂ. પા. ગોસ્વામી ૧૦૮**
**શ્રી યદુનાથજી મહોદય**
**(કડી-અમદાવાદ)**

આપશ્રી તેમની અલૌકીક વાણી દ્વારા ભાગવત્ ભાગીરથીનું રસપાન કરાવશે.



**શુભારંભ** રવિવાર તા. ૩.૧૨.૨૦૨૩ **થી** **પુર્ણાહુતી** શનિવાર તા. ૯.૧૨.૨૦૨૩

**સમય :- બપોરે ૩.૦૦ કલાકથી**

|| કથા શ્રવણ સ્થળ ||

વ્રજધામ, કમલા વિહાર સ્પોર્ટસ કોમ્પલેક્સની સામે, કાંદીવલી (વેસ્ટ), મુ.-૬૭.

અમો આપ સહુને હ્રદયપુર્વક આમંત્રણ પાઠવીએ છે

**પોથી ન્યોછાવર : રૂા.૧૫૦૦૧/- (પંદર હજાર એક)**

**પોથી નોંધવવા માટે સ્થળ : (સમય ૧૨ થી ૫)**

**શ્રી હાલાઈ લોહાણા મહાજન**
૬/૧૦, ઠાકુરદ્વાર રોડ, મું-૨.
ફોન : ૨૩૮૨ ૪૨૧૫ / ૨૩૮૨૧૦૯૨

**શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ**
મંગુભાઈ દત્તાણી રોડ, કાંદીવલી (વે.)
ફોન : ૨૮૦૨૦૮૯૧

આ કથાનું લાઈવ પ્રસારણ YouTube યુ-ટયુબ ચેનલ પરથી કરવામાં આવશે.

Mumbai
Gujarati - Bi - Monthly

Sepetmber - October - 2023
No. of Pages : 36

# LOHANA SHAKTI

LOHANA SHAKTI
Posted at Patrika Channel
Sorting Office, Mumbai - 400 001.



## રમત - ગમત સમિતિ



If Undelivered please return to

**LOHANA SHAKTI**

Shree Halai Lohana Mahajan,
6/10, Thakurdwar Road, Mumbai - 400 002.

Printed & Published by PIYUSH GANGARAM GANTHA on behalf of SHREE HALAI LOHANA MAHAJAN
Printed at LOHANA HITECHHU , 6/B, Mohatta Bhavan, 3rd Floor, Dr. E. Moses Road, Worli, Mumbai - 400 018.
and published from SHREE HALAI LOHANA MAHAJAN, 6/10, Thakurdwar Road, Mumbai - 400 002.
Editor : Sanjay Jitendra Chandarana